**સુવિચાર**

વિદ્યા એને કહું છું જેના વડે મનુષ્ય પોતાથી આગળ વધતા શીખે. શિક્ષણ માનવીની બીજભૂત શક્તિઓનો મહત્તમ વિકાસ કરે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૬/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અષાઢ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૬૫




## અર્ધાથી લઈને અઢી ઈંચ વરસાદથી જગતાત ગણાતા ખેડૂતો ખૂશ

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે ઠેકઠેકાણે વરસાદ

અમરેલીમાં રવિવારે બે ઈંચ તો બાબરા, લાઠી, વડિયા પંથકમાં એક ઈંચ જેટલો વરસાદ

૨ દિવસથી સતત મેઘાવી માહોલથી વાતાવરણમાંથી ગરમી ગાયબ, વાતાવરણ ઠંડુગાર

બાબરાનાં ખાખરીયા, દરેડ, ગળકોટડી, હીરાવા, જામબરવાળા સહિતનાં વિસ્તારોમાં પણ દે ધનાધન

આગામી ૪ દિવસ સુધી વરસાદ પડવાની શક્યતાઓ જોવા મળી રહી છે





અમરેલી તા. ૨૬

અમરેલી જિલ્લામાં આજે સતત બીજા દિવસે પણ મેઘસવારી અવિરત ચાલુ રહેતા સર્વત્ર અડધાથી બે ઈંચ જેટલા વરસાદથી ખેતરો પાણીથી તરબતર થતા ખેડૂતોમાં હરખની હેલી છવાયેલ હતી.

અમરેલી શહેરમાં ગઈકાલ સવારથી જ વરસાદી માહોલ છવાયેલ હતો. જેમાં ધોધમાર અઢી ઈંચ જેટલા વરસાદથી સર્વત્ર પાણી છવાઈ ગયેલ હતા. શહેરની બજારો, ગલીઓમાં પાણી છવાતા નદીઓ સમાન ભાસતી હતી.બાબરા પંથકમાં ગઈકાલે સાંજના સમયે મેઘાવી માહોલ વચ્ચે એક ઈંચ વરસાદ ખાબકી જતા કાગડોળે વરસાદની રાહ જોતા ધરતીપુત્રોમાં હરખની હેલી છવાયેલ હતી. બાબરા પંથકના ખાખરીયા, દરેડ, ગળકોટડી, હીરાણા, જામ બરવાળા, દેવળીયા, શેખ પીપરીયા, ખીજડીયા સહિતના ગામોમાં પહેલા વરસાદના આગમનથી લોકોમાં આનંદની લાગણી છવાયેલ હતી. કારમી ગરમી વચ્ચે વરસાદથી હવામાન ઠંડુગાર બની ગયેલ હતું. લીલીયા પંથકમાં પણ એક ઈંચ જેટલો વરસાદ પડેલ હતો. વડિયા પંથકમાં પોણો ઈંચ જેટલા વરસાદથી પાણી છવાયેલ હતા. વડિયાના મોરવાડ, ખડખડ, ખાખરીયા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદથી પાણી છવાઈ ગયેલ હતા.

### અમરેલી જિલ્લામાં આજે સવારે ૬:૦૦ સુધીમાં નોંધાયેલ વરસાદના આંકડા

| | | | |
|---|---|---|---|
| અમરેલી | : ૪૭ એમ.એમ. | બાબરા | : ૨૮ |
| લાઠી | : ૨૦ | લીલીયા | : ૧૪ |
| વડિયા | : ૧૭ | સાવરકુંડલા | : ૭ |
| બગસરા | : ૪ | જાફરાબાદ | : ૪ |
| ધારી | : ૫ | | |

## સા.કુંડલા માર્કેટયાર્ડનાં વાઈસ ચેરમેન અને સેક્રેટરીની વાતચીતનો ઓડિયો વાયરલ

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા એપીએમસીના સેક્રેટરી અને વાઈસ ચેરમેનની ઓડિયો ક્લિપ સોશીયલ મીડિયામાં વાયરલ થતાં ભાજપમાં જૂથબંધી હોવાની વિગતો

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ અંતર્ગત કાર્યવાહી શરૂ

# અમરેલી સહિત ૪ જિલ્લામાં સંગઠીત ગુન્હા કરતી ટોળકીનાં ૪ આરોપીઓની જેલમાંથી અટકાયત કરાઈ

નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીની અધ્યક્ષતામાં ખાસ ટીમની રચના કરાઈ




અમરેલી, તા. ૨૬

અમરેલી, રાજકોટ, બોટાદ જીલ્લાઓના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અવાર નવાર શરીર સબંધી ગુન્હાઓ આચરતી સંગઠીત ટોળી વિરૂધ્ધ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (GCT.O.) એક્ટ ૨૦૧૫ અધિનિયમ અંતર્ગત છ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરીચાર આરોપીઓને અમરેલી પોલીસે ઝડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલ દ્વારા અમરેલી, અમરેલી, બોટાદ, રાજકોટ જિલ્લામાં વિશેષ ગેંગ બનાવી પોતાનું નેટવર્ક ઉભું કરીને આરોપી શિવકુભાઈ બહાદુરભાઈ ઉર્ફે નાનભાઈ ગોવાળીયા, રાજકભાઈ ઉર્ફે રજભાઈ બહાદુરભાઈ ઉર્ફે નાનભાઈ ગોવાળીયા, હરેશભાઈ દડુભાઈ ગીડા, મંગળુભાઈ બહાદુરભાઈ ઉર્ફે નાનભાઈ ગોવાળીયા (રહે.રાયપર) સહિત છ ગેરકાયદેસરની મંડળીઓ રચી, ખુનની કોશીષ, સામાન્ય જનતાને ધાકધમકી આપી, મારામારી કરી, કોન્ટ્રાકટ પડાવી લેવાના તથા ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુન્હાઓ આચરતી સંગઠીત ટોળકી વિરૂધ્ધ જરૂરી રેકર્ડ અને પુરાવાઓ એકત્રિત કરી, ભાવનગર રેન્જ વડા ગૌતમ પરમારની મંજુરી મેળવી, સરકાર તરફે ફરિયાદ આપી બાબરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧-૧૯૩-૦૦૮-૨૩-૦૩૨૨ થી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ (G.C.T.OC.) એક્ટ-૨૦૧૫ની કલમ-૩(૧)ની

અનુસંધાન પાના ૬ ઉપર

### ડ્રાઈવર દ્વારા ડેપો મેનેજરને લેખિતમાં રજૂઆત

# બગસરા : એસ.ટી. ડેપોનાં ડ્રાઈવરનાં ડયુટી લીસ્ટમાં એકને ગોળને એકને ખોળ ?

સ્થાનિક એસ.ટી.ની કામગીરી વિવાદાસ્પદ બની રહી છે

બગસરા, તા. ૨૬

બગસરામાં એસ.ટી. ડેપોમાં પહાડ જેવા પ્રશ્નો જોવા મળે છે. બગસરા એસ.ટી. ડેપોમાં ટી નાઈન ડ્રાઈવરોનું બનાવવામાં આવેલ ત્યારથી દરેક ડ્રાઈવરને માંગણી મુજબની લાઈનને માંગણી મુજબ ખાનામાં ચલાવવામાં આવે છે. જેમાં અમુક ડ્રાઈવરોની તેની મનમાની કરવા દેવામાં આવે છે.

બગસરા એસ.ટી. ડેપોમાં

અનુસંધાન પાના ૬ ઉપર




• પંજાબી - સાઉથ ઈન્ડીયન ફૂડ
• સેન્ડવીચ • સ્નેક્સ • આઈસ્ક્રીમ
• થીક શેઈક • જ્યુસ તેમજ ઘણુ બધું...

શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

**પ્રવેશ કાર્ય શરૂ છે**
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેકટ નંબર : ૯૪૨૭૨ ૪૯૨૫૬ - ૯૯૨૫૬ ૯૦૦૫૫

**જોઈએ છે**

(૧) કમ્પ્યુટર ઓપરેટર - ૦૨
(૨) કલાર્ક - ૦૨

શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.



**નારી હોસ્પિટલ**

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

■ સગર્ભા સ્ત્રીઓની તપાસ ■ ગર્ભાશયનાં તમામ રોગોની સારવાર
■ પ્રસુતી ■ દુરબીનથી થતા ગાયનેક ઓપરેશનો...

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### સાવરકુંડલા નજીક આવેલ

# અભરામપરા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## રોકડ રકમ સહિત રૂા. ૨.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

અમરેલી, તા. ૨૬, સાવરકુંડલા તાલુકાનાં અભરામપરા ગામે રહેતા ઝાકીરભાઈ હુસેનભાઈ ઝાંખરા સહિત ૭ જેટલા ઈસમો રવિવારે સાંજે અભરામપરા ગામે જાહેરમાં જુગાર રમતા હોય. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૪૧૪૪૦, મોટર સાયકલ નંગ–૬ કિંમત રૂા. ૧.૯૦ લાખ મળી કુલ રૂા. ૨,૩૧,૪૪૦ની મતા સાથે જુગાર રમતા તમામ ૭ ઈસમોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લીલીયામોટા ખાતે વરસાદી કાદવકીચડમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાતા મહામુસીબતે બહાર આવી



લીલીયા, તા. ૨૬

લીલીયા ખાતે વહેલી સવારે પટેલ છાત્રાલય પાછળ રહેતા અરવિંદભાઈ ધામતની તબિયત અચાનક બગડતા એમણે ઈમરજન્સી ૧૦૮ નો સંપર્ક સાધ્યો અને ૧૦૮ આવી પણ. લીલીયામાં જયાં અને ત્યાં કરેલ પાણીની પાઈપ લાઈનના વિનાશકારી અને આડેધડ ખોદકામના કારણે ૧૦૮ ખૂંચી ગયેલ હોય એક બાજુ પેશન્ટની હાલત ગંભીર હોય તેમ છતા પણ આ ઈમરજન્સી સેવા કામ ન લાગી અને આખરે પ્રાઈવેટ વાહનમાં લઈને અન્ય ૧૦૮ વડે સારવાર અર્થે અમરેલી ખસેડાયા. જયારે ખુંચી ગયેલ ૧૦૮ને ટ્રેકટર અને જેસીબી વડે આખરે બહાર કાઢવામાં આવેલ ત્યારે લીલીયાની જનતા યેનકેન રીતે પીડાતી હોય સ્થાનિક તંત્રને રજૂઆત કરવામાં આવે તો એ સરકાર પર જવાબદારી થોપે અને સરકારના પ્રતિનિધિ ને જો કહેવામાં આવે તો એ સ્થાનિક તંત્ર પર આક્ષેપો કરે છે. ચૂંટણી સમયે હાથ જોડી મત લઈ જનાર નેતાઓને લીલીયાની જનતા આવો સહુ સાથે મળીને લીલીયાની દશા પણ બદલીએ અને દિશા પણ બદલીએ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાએ લોકતંત્રનાં સેનાની ગોવિંદભાઈનું કર્યુ સન્માન



સાવરકુંડલા, તા. ૨૬

ભારતીય લોકશાહી અને રાજનીતિના ઈતિહાસમાં સૌથી કાળા અધ્યાય સમાન ૨૫ જૂન ૧૯૭૫ના દિવસે તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની સરકારે દેશ પર ગેરબંધારણીય રીતે કટોકટી લાદી લોકતંત્રની હત્યા કરી હતી. કોંગ્રેસે સંવિધાન પર કટોકટીરૂપી બુલડોઝર ચલાવી લોકશાહીના આધારસ્તંભ જેવી સંસદ, ન્યાયતંત્ર, વિરોધપક્ષ અને મીડિયાને લાચાર અને નબળાં બનાવી દીધા હતા. મીસાના કાયદા હેઠળ હજારો નિર્દોષ નાગરિકોને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા અને હજારો લોકોની હત્યા કરવામાં આવી હતી. એમાં સાવરકુંડલામાં રહેતા ગોવિંદભાઈ ધંધુકિયાએ પણ અનેક તકલીફો ભોગવી હતી. આજના બલિદાન દિવસે તેઓના નિવાસસ્થાને જઈને તેમનું સન્માન કરતા એક નવીન ઊર્જાનું સંચાર થતા અનુભવી.

કટોકટી દરમિયાન સૌથી વધુ સંઘર્ષ કર્યો હોય તો તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ છે અને તે સમયે ભારતીય જનસંઘના રૂપમાં કામ કરતી ભાજપ હતી. સંવૈધાનિક અધિકારીઓ અને લોકશાહીને જીવંત રાખવાવાળા સૌ સેનાનીઓનું ભારતીય જનતા પાર્ટીની સરકારે સદૈવ સન્માન કર્યું છે. ભારતીય લોકશાહીની પુનઃસ્થાપના માટે જોડાયેલ સૌ રાષ્ટ્રભકતોને નતમસ્તક વંદન કરૂં છું એવું અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### ડ્રગ્ઝનાં દૂષણને ડામવા માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

# અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગ દ્વારા ૨૬ જુન આંતરરાષ્ટ્રીય ડ્રગ્ઝ–ડે ની ઉજવણી

## સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરીને જનજાગૃતિનો ઉમદા પ્રયાસ





અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં માર્ગદર્શન હેઠળ ૨૬–મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ–ડે ની ઉજવણી સંદર્ભે જિલ્લાનાં તમામ થાણા અધિ.ને ગેરકાયદેસર નાર્કોટીકસના પદાર્થ, કેફી ઔષધો, મનઃપ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર, હેરાફેરી અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને આ માદક પદાર્થોનું સેવન કરવાથી થતા નુકશાન અંગે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપી ગુજરાત રાજયને તથા સમગ્ર અમરેલી જિલ્લાને નશા–મુકત કરવા અભિયાન હાથ ધરેલ છે.

આજરોજ શાળા / કોલેજો / જાહેર સ્થળોએ તથા આમ જનતા જોઈ શકે તે રીતે તથા નાર્કોટીકસ પદાર્થોના સેવનથી સમાજમાં લોકોને આર્થીક તેમજ સામાજિક અને સ્વાથ્યને નુકશાન થાય જે અંગેની માહીતી આપવામાં આવેલ અને વિદ્યાર્થીઓને આવા વ્યસનોથી દુર રહેવા તથા આ વ્યસનોથી થતા નુકસાન અંગે સમજ કરવામાં આવેલ તથા સમગ્ર જિલ્લામાં તથા ગ્રામ્ય કક્ષાએ આવેલ શાળા/ કોલેજોમાં વિદ્યાથિઓને પ્રોઝેકટર ઉપર પ્રેઝેન્ટેશન દર્શાવી વિદ્યાર્થીઓને વ્યસનથી વ્યકિત, સમાજ અને દેશને થતાં નુકસાન અંગે માહિતગાર કરી લોકજાગૃતિ કેળવવા પ્રયાશો કરી અવેરનેસ પ્રોગ્રામ યોજી ૨૬મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ–ડે ની ઉજવણી કરવામાં આવેલ છ તેમજ કલેક્ટર કચેરી, SDM કચેરી, DDO કચેરી, જિલ્લા ન્યાયલય, બહુમાળી ભવનમાં આવેલ તમામ સરકારી દફતરો તથા જિલ્લા જેલ તથા સેવાકિય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ સંસ્થાઓ વિગેરે તમામ સરકારી અર્ધસરકારી દફતરોનાં અધિકારી/કર્મચારીઓએ આ ઉજવણીમાં બહોળા પ્રમાણમાં ભાગ લીધેલ હતો.

આ ઉપરાંત સમગ્ર અમરેલી જિલ્લા પોલીસ તથા સીવીલીયન્સ સ્ટાફ દ્વારા સોશ્યલ મીડીયાનાં માધ્યમથી તમામ અધિકારી / કર્મચારીઓના પોતાનાં મોબાઈલમાં સ્ટેટસ તરીકે ફોટોગ્રાફ, વિડીયો કલીપ વિગેરે રાખેલ તેમજ વોટ્સઅપ ગૃપમાં ફોટોગ્રાફ, વિડીયો કલીપ ફોરવર્ડ કરી બહોળા પ્રમાણમાં પ્રસિધ્ધી કરવામાં આવેલ છે તેમજ વ્યકિતગત પોતાના વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર, ટેલીગ્રામ વિગેરે સોશીયલ મિડીયાના માધ્યમ દ્વારા પોતાના સમાજ, કુટુંબ,પરિવારના ગ્રુપમાં પણ ફોટોગ્રાફ શેર કરી જાગ્રૃતિ લાવવાનો પ્રયાસ કરાવવામાં આવેલ છે. તેમજ થાણા અધિકારીઓ દ્વારા પોત–પોતાના વિસ્તારોમાં આવેલ ગામડાઓના સરપંચોનો સંપર્ક કરી સોશિયલ મિડીયાના માધ્યમથી સોશિયલ ગ્રુપમાં ફોટાઓ, વિડિયો, વોઈસ કલીપ દ્વારા જાગૃતિ લાવવા પ્રયાસો કરવામાં આવેલ છે.

# સાવરકુંડલામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ચોમાસાએ વરસાદી ડોળ કર્યો





સાવરકુંડલા, તા. ૨૬

ગતરોજ ધીમી ધારે વરસાદ વરસ્યો આજે વાદળિયા વાતાવરણમાં છાંટાછૂંટીના ડોળ વચ્ચે કહે છે ચોમાસાનો પ્રારંભ થયો. જો કે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં થોડો ઝરમરિયો હોય વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે. જો કે આવા વાતાવરણ વચ્ચે એ.સી. અને પંખાનો ઉપયોગ થોડો ઓછો થવાથી એવરેજ વીજબીલમાં થોડી રાહત થશે. જો કે આમ તો આ અષાઢ એટલે ભર વરસાદનો મહિનો કાયદેસરનું ચોમાસું કહેવાય. જો કે મૌસમની ગતિ આ વર્ષે થોડી વિચિત્ર લાગે છે. થોડા સમય પહેલાં અખબારોમાં સમાચાર આવ્યા હતાં કે ભારતમાં અલનીનોની અસરને કારણે ચોમાસામાં વરસાદનું પ્રમાણ ઓછું રહેશે? જોઈએ હવે શું થાય છે? જો કે બદલાતી પર્યાવરણની પેટર્ન સાથે ભૂમિપુત્રોએ પણ થોડી સંવાદિતતા સાધવી પડશે. સરકારે પણ બદલાઈ રહેલી પર્યાવરણીય પેટર્ન માટે ચિંતન, ચિંતા અને તેના માટે કોઈ સકારાત્મક હલ ખોળવા સક્રિય થવું તો પડશે જ. મને ક મને પણ આ પર્યાવરણીય ફેરફારોને સકારાત્મક કરવા માટે અમુક અઘરા નિર્ણયો તો અવશ્ય લેવા પડશે.

# અમરેલી : યુવા નેતા મનીષ સંઘાણીનાં જન્મદિવસે વિવિધ જગ્યાએ સેવાકાર્યો





અમરેલી, તા. ૨૬

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના જન્મદિવસ નિમિતે કાર્યકર્તાઓ દ્વારા વિવિધ જગ્યાએ સેવાકાર્ય કરી ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે સૌ પ્રથમ અમરેલી નાગનાથ મહાદેવના આર્શીવાદ લઈ અને દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલ સેવાકિય આયોજનમાં ઉપસ્થિત રહેલ હતા.

જેમાં ગાયત્રી મંદિર ખાતે આયુષ્ય યજ્ઞ હિરેનભાઈ ચાવડા દ્વારા આયોજન–ભોજલ પરા પ્રાથમિક શાળામાં જીજ્ઞેશભાઈ દાફડા દ્વારા બાળકોને બટુક ભોજન અને વૃક્ષારોપણનું આયોજન, જયભાઈ મસરાણી દ્વારા લાલવાવ હનુમાન ખાતે બટુક ભોજનનું આયોજન, શ્રી સરદાર પટેલ ગૃપ દ્વારા બટુક ભોજન અને વૃક્ષારોપણનું આયોજન, નિખિલભાઈ ગઢીયા દ્વારા વૃક્ષારોપણનું આયોજન, કુંકાવાવ ખાતે રાજુભાઈ સુખડીયા અને યોગેશભાઈ દવે દ્વારા બાળકોને શૈક્ષણીક કીટનું વિતરણ, રવિ પંડયા અને ડો. જીતેન્દ્ર પટેલ દ્વારા બટુક ભોજન અને સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન, નાના ભંડારીયા ખાતે મયુરભાઈ ખાનપરા અને ડો. જીતેન્દ્ર પટેલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન, વાવડી રોડ ખાતે કુંજ ઠુંમ્મર દ્વારા બટુક ભોજનનું આયોજન, વિસામો વૃદ્ધાશ્રમ ખાતે કે. ટી. રામાણી દ્વારા અનાથ બાળકોને ભોજન, ચિતલગુરૂકુળ ખાતે સાધુ– સંતો દ્વારા સન્માન, અમરેલી ખાતે મહિલાઓ અને મિત્ર મંડળ દ્વારા સન્માનનું આયોજન, નવી મુંબઈ ખાતે જયદીપ પટેલ દ્વારા અનાથ બાળકોને ભોજન, સુરત ખાતે બિપિન દુધાત અને કેવલ દુધાત દ્વારા નિરાધાર લોકોને ભોજન, કર્ણાવતી નરોડા ખાતે આયુષ ડોબરીયા દ્વારા શ્રમજીવી બાળકોને ભોજન, થલતેજ કર્ણાવતી ખાતે શ્રી સરદાર પટેલ ગૃપ દ્વારા મનોદિવ્યાંગોને ભોજન કરાવવામાં આવેલ. જયારે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા સેવા હી પરમો ધર્મને સાર્થક કરતા સાવરકુંડલા ખાતે આયોજિત રકતદાન કેમ્પમાં ઉપસ્થિત રહી અને જન્મદિવસ નિમિતે રકતદાન કર્યુ હતું અને અમરેલી ખાતે શ્રી મહિલા વિકાસ ગૃહની બાળાઓને ભોજન, અંધ શાળા અને બેરા મૂંગા શાળા ખાતે દિવ્યાંગ બાળકોને ભોજન કરાવ્યું તેમજ દિકરાનું ઘર (વૃદ્ધાશ્રમ) ખાતે વડીલોને ભોજન કરાવી અને જન્મદિવસની ઉજવણી કરી અને યુવાનોને એક અનોખો સંદેશ પાઠવ્યો હતો. વેસ્ટન સંસ્કૃતિ ભૂલી સેવા કાર્યો કરવા માટે અપીલ કરી હતી.

# ધારી મુકામે નિવૃત્ત જિલ્લા પોલીસ અધિક્ષક આર.ડી. ઝાલાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ









(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા) ગુજરાત રાજયમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં ન ભૂતો ન ભવિષ્યતિ જેવા વિરલ વ્યકિતત્વનાં માલિક આઈ.પી.એસ. આર.ડી. ઝાલાનાં લાડકાં નામથી સામાન્ય પ્રજામાં ઓળખાતા. જેઓ હવે આ પ્લેનેટ ઉપરથી વિદાઈ લઈ ચૂકયા છે ત્યારે તેમની કર્મભૂમિ ધારી મુકામે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના સુપુત્ર હરિરાજસિંહ ઝાલાને સાંત્વના પાઠવવા ખૂબ જ મોટી સંખ્યામાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક આગેવાનો હાજર રહ્યા હતા. અમરેલી એસ.પી. હિમકરસિંહ, અમરેલી ડી.વાય.એસ.પી. અશોકસિંહ ગોહિલ, સાવરકુંડલા ડી.વાય.એસ.પી હરેશ વોરા સહિત સમગ્ર રાજયમાંથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોતાના દેવ સમાન આ મહા માનવને આજે મન ભરીને વાગોળવા એકઠા થયા હતા. આજે ૮૬ વરસની વયોવૃદ્ધ ઉંમરે વિદાઈ લઈને પણ એક એકની આંખોમાં યાદનાં આંસુ છલકતા રોકી શકાતા ન હતા. સ્થાનિક ધારાસભ્ય કાકડિયા, ઝાલાનાં માનસ પુત્ર સમાન, ધારી સરપંચ જીતુભાઈ જોષી, પૂર્વ ધારાસભ્ય કોટડીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ડો. જસાણી વગેરેએ પણ પુષ્પાંજલિ અર્પી હતી. હોદ્દાનો વટ હોય પણ ચારિત્ર્યનો પ્રભાવ પડે, મોગલ સમ્રાટ અકબરનો વટ હોય પણ મહારાણા પ્રતાપનો પ્રભાવ હોય, સારાયે પોલીસ અધિકારીઓનો વટ હોય પણ પ્રભાવ તો આર.ડી. ઝાલાનો જ હોય. જેમનાં પિતાજી અને ઝાલાએ એક જ દિવસે પોલીસ ઈન્સ્પેકટરનો ચાર્જ સંભાળ્યો હતો. તેવા સાવરકુંડલા પ્રતાપભાઈ ખુમાણે સ્વ.ઝાલાની સરળતા અને નિખાલસતાની વાતો કરી હતી. અને અમદાવાદથી પ્રકાશિત થતાં લોક પત્રિકાનાં તંત્રી અવેશ માલવીયાએ આ સુપર કોપ ક્ષત્રિય રત્નની જાણી અજાણી વાતો, ફોટોગ્રાફ એકત્ર કરી અને પોતાના દ્વારા પ્રકાશિત કરી આપવાનાં પોતાના સંકલ્પ વિશેની જાણકારી આપી હતી. તદઉપરાંત આ પુસ્તકનાં વેંચાણથી થનારી આવક અમરેલી જિલ્લાનાં પોલીસ પરિવારનાં શિક્ષણ માટે જ વાપરવામાં આવશે. તેવી જાહેરાત પણ પ્રતાપભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવી છે કે, જે કોઈ પણ પાસે સ્વ. આર.ડી.ઝાલાનાં ફોટોગ્રાફસ કે તેમની હજી સુધી બહાર ન આવેલી નાની મોટી વાત તેમના પુસ્તકમાં સમાવવા માટે, પ્રતાપભાઈ ખુમાણ સનરાઈઝ સ્કૂલ સાવરકુંડલા. મો. ૯૮૯૮૭ ૭૩૫૧૬ અથવા khuman1011@gmail.com ઉપર મેઈલ કરો અથવા વોટ્સએપ કે પોસ્ટ, કુરિયર મારફત મોકલી આપશો.

## એકનું નેતૃત્વ ભાજપ કરશે અને બીજાનું કોંગ્રેસ કરશે નેતૃત્વ

# લોકસભાની ચૂંટણીમાં NDAની સામે PDA ?

ભાજપ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પરાજિત કરવાનાં ધ્યેય સાથે કોંગ્રેસનાં નેતૃત્વમાં અનેક પક્ષોનાં નેતાઓ સક્રીય થયા

દલિત, પછાત, આદિવાસી અને અલ્પસંખ્યક મતદારોને આકર્ષવા માટે રણીનીતિ તૈયાર થઈ રહી છે

છેલ્લા ૧૦ વર્ષમાં સૌપ્રથમ વખત અનેક કદાવર વિપક્ષી નેતાઓ એકમંચ પર ભેગા થતાં હોંય ભાજપમાં ચિંતા

આગામી જુલાઈમાં શિમલા ખાતે મળનારી બેઠક બાદ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે


ફાઈલ તસ્વીર



અમરેલી, તા. ૨૬

દેશની સૌથી મોટી પંચાયત લોકસભાની સામાન્ય ચૂંટણીને હવે માત્ર ૩૦૦ દિવસ કરતાં પણ ઓછો સમય બાકી હોય ભાજપ સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પછડાટ આપવા માટે કોંગ્રેસનાં નેતૃત્વમાં મહત્વનાં વિપક્ષી નેતાઓ એક મંચ પર ભેગા થઈ રહ્યા છે અને આ ગઠબંધનને પીડીએ નામ આપવામાં આવે તેવી શકયતાઓ છે.

૨૩ જૂનનાં રોજ બિહારની રાજધાની પાટનગર ખાતે મુખ્યમંત્રી નીતિશકુમારની જહેમતથી આરજેડીનાં લાલુપ્રસાદ યાદવ, તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીનાં અખિલેશ યાદવ, ટીએમસીનાં મમતા બેનરજી, ''આપ''નાં અરવિંદ કેજરીવાલ, ડીએમકેનાં સ્ટાલિન, ડાબેરી પક્ષો તેમજ કોંગી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી, શરદ પવાર, ઉધ્ધવ ઠાકરે સહિતનાં અનેક નેતાઓ એક મંચ પર ભેગા થયા હતા અને પ્રાથમિક તબકકે સર્વે નેતાઓમાં એક મંચ પર ભેગા થવાની ઉતાવળ જોવા મળી હતી.

આગામી ૧૨ જુલાઈનાં રોજ કોંગી શાસિત હિમાચલ પ્રદેશની રાજધાની શિમલા ખાતે પુનઃ વિપક્ષી નેતાઓની બેઠક યોજાઈ રહી છે. જેમાં કોમન મીનીમમ પોગ્રામ નકકી કરાશે અને વિપક્ષી એકતાને એનડીએ સામે પીડીએનાં સ્વરૂપમાં સાકાર કરવાનો નિર્ણય કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

દેશમાં ૧૦ વર્ષ બાદ અનેક કદાવર નેતાઓ સત્તાધારી પક્ષને સત્તાપદેથી દૂર કરવા તૈયાર થયા હોય સત્તાધારી ભાજપ માટે આ વિષય ચિંતાજનક બને તેવું લાગી રહ્યું છે. જો કે ભાજપની વિશાળ સંગઠન શકિત, નરેન્દ્ર મોદીનો લોકપ્રિય ચહેરા સામેનાં ગઠબંધનને ભારે તૈયારી, સંઘર્ષ અને મહેનત કરવી પડશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## ગ્રામજનો વચ્ચે જઈને પ્રશ્નો સાંભળ્યા

# ચિતલ આઉટ પોસ્ટ નીચે આવતા ગામડાની પ્રોબેશનલ આઈપીએસ ગૌરવ અગ્રવાલે મુલાકાત લીધી

### ગામડાઓમાં ગુન્હેગારીને કડક હાથે ડામી દેવાશે

ચિતલ, તા. ૨૬

તાજેતરમાં અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નવ નિયુકત આઈપીએસ ગૌરવ અગ્રવાલે ચાર્જ સંભાળતાની સાથે તાલુકાનું સૌથી મોટુ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન ચિતલ–જસવંતગઢ, ટીંબા અને તેની નીચે આવતા દરેક ગામડા મોણપુર, શેડુભાર, રાંઢિયા, દહિંડા, રીકડીયા, આંકડીયા સહિતનાં ગામડાઓમાં આઈપીએસ ગૌરવ અગ્રવાલે ચિતલ આઉટ પોસ્ટ એએસઆઈ એમ.ડી. જોષી તથા સ્ટાફને સાથે રાખીને ઉપરોકત તમામ ગામડાઓ સહિત ચિતલ–જસવંતગઢ ગામડામા રૂબરૂ વિઝિટ કરી પ્રજાની વચ્ચે જઈને દરેક વેપારી એસોસીએશન, જિલ્લા તથા તાલુકા પંચાયતનાં સભ્યો, સરપંચો, પત્રકરો સહિતનાં ગ્રામજનોની રૂબરૂ મીટીંગ બોલાવી અસામાજિક પ્રવૃત્તિ થતી હોય, ગ્રામ્ય વિસ્તારમાં કોઈ લુખ્ખા કે આવારા તત્વો હોય રંજાડતા હોય, કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા હોય તો પ્રજાજનોને નિર્ભિકપણે પોતાનો પર્સનલ મોબાઈલ નંબર આપી કોઈપણ આવરા તત્વો કે પ્રવૃત્તિને કડક હાથે ડામી દેવા કોલ આપ્યો હતો. આ અંગે દરેક ગામના સંગઠન તેમજ હોદેદારોએ તેમનું ભાવભીનું સન્માન કર્યુ હતું. તેમજ તેમણે કોઈપણ ગુનેગાર હોય તો પગલા લેવા ખાત્રિ આપી.

## CIX (ચાઇના ઇન્ડિયા એકસપ્રેસ) વીકલી સર્વિસ છે

# APM ટર્મિનલ્સ પિપાવાવે નવી CIX સર્વિસની શરૂઆત સાથે તેનો વ્યાપ વધાર્યો

### દેશને ફાર ઇસ્ટ એશિયા, સાઉથ ઇસ્ટ એશિયા, લેટિન એમેરિકા, ઓશેનિયા દેશો અને અમેરિકન વેસ્ટ કોસ્ટ સાથે જોડે છે

પિપાવાવ, તા. ૨૬

એપીએમ ટર્મિનલ્સે નવી વીકલી સર્વિસ CIX (ચાઈના ઈન્ડિયા એકસપ્રેસ) શરૂ કરી છે, જે ભારતને ફાર ઈસ્ટ એશિયા, સાઉથ–ઈસ્ટ એશિયા, લેટિન અમેરિકા, ઓશેનિયા દેશો અને યુએસ વેસ્ટ કોસ્ટ સાથે જોડે છે. આ વીકલી સર્વિસને વાન હાઈ હાપાગ લોઈડ અને એવરગ્રીન લાઈન્સે સંયુકત રીતે લોંચ કરી હતી. આ સર્વિસનું પ્રથમ જહાજ એમ.વી.વાન હાઈ ૩૬૦ V-001E પોર્ટ પિપાવાવ ખાતે લાંગર્યુ હતું. આ નવી સેવા પોર્ટ પિવાવાવને ન્હાવા શેવા–પોર્ટ કેલાંગ – સિંગાપોર – કાઓહસિયુંગ – હોંગકોંગ અને શેકોઉન સાથે જોડે છે.



આ જહાજની સર્વિસ ફૂલે, સિરામિક ટાઈલ્સ, હેન્ડીક્રાફટ્સ, ક્રેટેડ સ્ટોન્સ, માર્બલ, એગ્રી કોમોડિટીઝ, ડિહાઈડ્રેટેડ ફુડ્સ, બટાટા,ડુંગળી, ચોખા, બ્રાસની ચીજો, વ્હાઈટ ગુડ્સ, સીફુડ સહિતની ચીજોનું પરિવહન કરશે. આ સર્વિસ એશિયાથી ભારતના પશ્ચિમ કાંઠે અને તેનાંથી વિપરીત સેથી ઝડપી સેવા છે, જેમાં પિપાવાવથી પોર્ટ કલેંગ ૯ દિવસ, કાઓહસિયુંગ ૧૭ દિવસ અને સેકોઉ /હોંગકોંગથી ૨૦ દિવસમાં પહોંચાડશે.

નવી સેવાના પ્રારંભ અંગે ટિપ્પણી કરતા એપીએમ ટર્મિનલ્સ પિપાવાવના એમડી ગિરિશ અગરવાલે જણાવ્યું હતું કે, CIX સર્વિસનાં પ્રથમ જહાજને અમારા પોર્ટનું સ્વાગત કરતાં અમે ખુશી અનુભવીએ છીએ. સુસ્થાપિત અને અત્યંત ગુણવત્તાસભર સેવાઓ ભારતમાં ઉત્તર–પશ્ચિમમાં અમારા ગ્રાહકોને વૈકિ બજારો સાથે વેપાર કરવાની સાપ્તાહિક કનેકિટવિટી પૂરી પાડશે. આ નવી સેવા પોર્ટની કનેકિટવિટીને વૈકિબજારો સુધી વિસ્તારીને પ્રદેશનાં વિસ્તારને ટેકો આપવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત

નૂતન કોમર્સ કોલેજ–અમરેલી

DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...





DMLT
B.Com
M.Com

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો

DMLT, B.Com, M.Com

જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

પ્રવેશની ઉત્તમ તક...

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮






''શ્રી વલ્લભ'' Navnit

MARUTI SUZUKI ARENA

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

EECO





ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

॥ વંદે માતરમ્ ॥

YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA

Make an Impression fascino 125 Fi





SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA સપના કરશે સાકાર... Shine 100cc

કિંમત રૂા. 64,900/-* થી શરૂ





સૌથી સસ્તુ બાઈક

ફ્રી હેલ્મેટ

3+3 years warranty

ઓથો.ડિલર પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૪૨૨૨ ૩૨૩૨૨

### કાળઝાળ ગરમીમાં ઉત્તર ભારતના લોકોને રાહત થઈ

# ઉત્તર ભારતમાં મેઘતાંડવમાં સાતનાં મોત, હિમાચલપ્રદેશની નદીમાં પૂર

## ઉ. ભારતના કેટલાક વિસ્તારોમાં ૪-૫ દિવસ ભારે વરસાદની આગાહી, હિમાચલમાં ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક, બગેશ્વરમાં વીજળી પડતા ૪૦૦ બકરીઓના મૃત્યુ

નવી દિલ્હી, તા.૨૬

ઉત્તર ભારતમાં વરસાદના કારણે સ્થિતિ કથળી રહી છે. હિમાચલ પ્રદેશમાં સતત વરસાદ વરસી રહ્યો છે. તથા પૂર આવતા ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ ઉત્તરાખંડમાં વીજળી પડતા ૧ યુવકનું મોત થયું છે. જ્યારે બીજી બાજુ વીજળી પડતા ૪૦૦ બકરીઓના મોત થતા ચકચાર મચી ગઈ છે. હજુ આગામી ૪થી ૫ દિવસ સુધી ધોધમાર વરસાદ પડવાની સંભાવના છે. ઉત્તર ભારતના લોકો ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચોમાસુ બેસે એની રાહ જોઈ રહ્યા હતા. જોકે આ દરમિયાન તેમનું સપનું પૂરૂ તો થયું પરંતુ જોતજોતામાં એકસાથે એટલો ધોધમાર વરસાદ પડવાનું શરૂ થયું કે અચાનક પૂર, ભૂસ્ખલન અને જમીન ધરાશાયી થઈ ગઈ છે. આ દરમિયાન ૭ લોકોના મોત નીપજ્યા છે. વિગતો પ્રમાણે હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ ખાબકી જતા અચાનક પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. આ દરમિયાન ૧૨થી વધુ વાહનો પાણીમાં તણાઈ ગયા છે. એટલું જ નહીં આ દુર્ઘટનામાં ૩ લોકોના મોત નીપજ્યા હોવાનું પણ સામે આવ્યું છે. જ્યારે ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. આ પૈકી ડેમમાં ગાડી પડી જતા એમાં સવાર ૨ લોકો તણાઈ ગયા હોવાનું સામે આવ્યું છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ડ્રાઈવરે ભારે વરસાદના પગલે વિઝિબલિટી ગુમાવી દીધી હતી. આ દરમિયાન તેણે ગાડી પરથી કંટ્રોલ ગુમાવી દીધો અને તે પલટી ખાઈ ગઈ હતી. તો બીજી બાજુ ટ્રેકિંગ ગ્રુપના સભ્ય એવા શખસનું પણ મોત નીપજ્યું હતું. હવે હિમાચલ પ્રદેશમાં આકસ્મિક પૂર જેવી સ્થિતિનું નિર્માણ થતા વીજળી વ્યવહાર ઠપ થઈ ગયો હતો. એટલું જ નહીં આગામી ૨૪ કલાક હિમાચલ પ્રદેશમાં પૂર જેવી સ્થિતિ વધુ વણસી શકે એવી આગાહી પણ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં વીજળી પડતા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ૨૦ વર્ષીય યુવાન પર અચાનક વીજળી પડતા તેનું મોત થયું છે. એટલું જ નહીં બીજી બાજુ ૩ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. બગેશ્વરમાં વીજળી પડતા ૪૦૦ બકરીઓના મૃત્યુ થયા છે. આ રીતે વીજળી પડવાની ઘટનામાં યુવકની સાથે પશુઓએ પણ જીવ ગુમાવ્યો છે. હજુ આગામી ૨૪ કલાક સુધી અહીં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સતત વરસી રહેલા વરસાદના કારણે ભૂસ્ખલન પણ થઈ રહ્યું છે. આની સીધી અસર ગંગોત્રી અને યમુનોત્રી હાઈવે સહિતના માર્ગો પર પડ્યો છે. અહીં વાહનવ્યવહાર થંભી ગયો છે. એટલું જ નહીં કેદારનાથ યાત્રા પણ રવિવારે થોડા સમય માટે સ્થગિત રાખી હતી. તો બીજી બાજુ રવિવારે સવારે દેહરાદૂનના જોલી ગ્રાન્ટ એરપોર્ટ પર ભારે વરસાદને કારણે ૨ ફ્લાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી. હરિદ્વારમાં અત્યારે રસ્તાઓ પર પાણી ફરીવળ્યું છે. જ્યારે લોકોના ઘરોમાં તથા હોસ્પિટલોમાં પણ પાણી ભરાઈ ગયા છે. હોસ્પિટલમાં તો ઓપીડી પણ બંધ કરવાની ફરજ પડી છે. ઉત્તરાખંડમાં હવામાન વિભાગે આગામી ૪થી ૫ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. વળી એલર્ટને ધ્યાનમાં રાખીને ટ્રેકિંગ પણ બંધ કરી દેવાયું છે. પશ્ચિમ યૂપીના મુઝફ્ફરનગરમાં ઝૂંપડીની છત તૂટી પડતા ૨ કિશોરો ઊંઘમાં જ જમીનમાં દટાઈ ગયા હતા અને જીવ ગુમાવ્યા હતા. ત્યારે બીજી બાજુ મંદિરમાં દર્શન કરવા આવેલી મહિલાનો સ્થાનિકોએ મહામહેનતે જીવ બચાવ્યો હતો.

### તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

# રાજયસભાના સભ્ય હરદ્વાર દુબેનું નિધન થયું

## તેમને હૃદયમાં અચાનક દુખાવાની ફરિયાદના આધારે ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૨૬

રાજ્યસભાના સભ્ય હરદ્વાર દુબેનું વહેલી સવારે દિલ્હીની ફોર્ટિસ હોસ્પિટલમાં નિધન થયું હતું. દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને તબિયત લથડતા તેમને મોડી રાત્રે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બપોર સુધીમાં તેમને આગ્રા લાવવામાં આવશે. પુત્ર પ્રાંશુ દુબેએ જણાવ્યું કે રવિવારે તે બિલકુલ સ્વસ્થ હતા. તેમને હૃદયમાં અચાનક દુખાવાની ફરિયાદના આધારે ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં થોડી વાર પછી શ્વાસ થંભી ગયો.

છાવણીના બે વખતના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ રાજ્યમંત્રી હરદ્વાર દુબે ૨૦૨૦ માં રાજ્યસભાના સભ્ય બન્યા હતા. તેઓ કલ્યાણ સિંહ સરકારમાં નાણા રાજ્યમંત્રી રહ્યા હતા. સીતાપુર, અયોધ્યા અને શાહજહાંપુરમાં આરએસએસના જિલ્લા પ્રચારક પણ રહી ચૂક્યા હતા.

### કર્ણાટક પાસે ૮૮% સોનાનો ભંડાર છે

# કર્ણાટકમાં દેશનો સૌથી વધુ સોનાનો ભંડાર છે

## ભારતના કેટલાક રાજ્યોમાં સોનાની ખાણો છે, જ્યાંથી દર વર્ષે સોનાનું ખોદકામ કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૬

ભારત સહિત સમગ્ર વિશ્વમાં સોનું એક મૂલ્યવાન ધાતુ છે અને દર વર્ષે લાખો ટન સોનું કાઢવામાં આવે છે અને વેચવામાં આવે છે. વિશ્વના ઘણા દેશોમાં સોનાની ખાણો છે, જ્યાંથી તેને કાઢવામાં આવે છે.

આ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. પરંતુ શું તમે જાણો છો કે, ભારતમાં સોનાની ખાણો ક્યાં આવેલી છે? આજે અમે તમને જણાવીશું કે, ભારત સહિત વિશ્વમાં દર વર્ષે કેટલું સોનું કાઢવામાં આવે છે અને કયા દેશમાં સૌથી વધુ સોનું કાઢવામાં આવે છે. ભારતના ઘણા વિસ્તારોમાં ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે. ભારતમાં સોનાની ખાણકામનો લાંબો ઈતિહાસ છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર વિશ્વમાં સોનાની ખાણકામની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૨ લાખ ટન સોનું કાઢવામાં આવ્યું છે. પરંતુ ૨૦૨૦માં સોનાની ખાણનું ઉત્પાદન માત્ર ૧.૬ ટન હતું.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ઘણી જગ્યાએ સોનું મળી આવ્યું છે. જો કે, દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર કર્ણાટકમાં છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ઘણી જગ્યાએ સોનું મળી આવ્યું છે. જો કે, કર્ણાટકમાં દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર છે. કર્ણાટક પાસે ૮૮% સોનાનો ભંડાર છે.

આ સિવાય ૧૨ ટકા સોનાનો ભંડાર આંધ્રપ્રદેશમાં છે જ્યારે (૦.૧ ટનથી ઓછો) ઝારખંડમાં છે. આંધ્ર અને ઝારખંડમાં હીરાબુદ્દિની અને કેન્દ્રુકોચા ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે.

કોલાર ગોલ્ડ ફિલ્ડ કર્ણાટકમાં આવેલું છે, જે ૨૦૦૧માં બંધ થઈ ગયું હતું. તેના ૧૨૦ વર્ષના ઈતિહાસમાં આ ખાણમાંથી ૮૦૦ ટનથી વધુ સોનું કાઢવામાં આવ્યું હતું. ભારત દર વર્ષે ૭૭૪ ટન સોનાના વપરાશની સરખામણીએ આ ખાણો દ્વારા લગભગ ૧.૬ ટન સોનાનું ઉત્પાદન કરે છે.

તે જ સમયે, સમગ્ર વિશ્વમાં ૩ હજાર ટન સોનું કાઢવામાં આવે છે. સોનાની ખાણકામ એ એન્ટાર્કટિકા સિવાયના દરેક ખંડમાં કામગીરી સાથેનો વૈશ્વિક વ્યવસાય છે, પરંતુ મોટા ભાગનું સોનું ચીનમાં કાઢવામાં આવે છે.

૨૦૨૨માં ચીન વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક હતું અને કુલ વૈશ્વિક ઉત્પાદનમાં તેનો હિસ્સો લગભગ ૧૦ ટકા હતો.

### છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કપરાડામાં ૬ ઇંચ

# છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો

## સુરત અને નવસારીમાં આગામી ૨૭મી અને ૨૮મી જૂનના રોજ ભારે વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં હાલ વરસાદી માહોલ છવાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં (૨૬મી તારીખ સવારે ૬ વાગ્યા સુધી) રાજ્યનાં ૧૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ ૬ ઈંચ જેટલો વરસાદ વલસાડના ઉમરગામમાં નોંધાયો છે. જોકે, હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આગામી ચાર દિવસ પણ રાજ્યમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે.

આ સાથે વલસાડમાં હજી ચાર દિવસ સારો વરસાદ રહેવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે જગતના તાતમાં ખુશીનો માહોલ છવાયો છે. મળતા આંકડા પ્રણાણે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યનાં ૧૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ૫.૬૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ સાથે ભાવનગરના ધોધામાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ભરૂચ, સાયલા, ધોરાજીમાં બે ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ સાથે મળતી માહિતી પ્રમાણે, વલસાડના કપરાડા, મોડાસા, બાબરા, રાજકોટ, જૂનાગઢ, સિંહોર, ગોંડલ, બોટાદ, અંકલેશ્વર, કોડીનાર, સૂત્રાપાડા, ગીર, વાપી, વાગરા, માંગપોલ, વેરાવળ, ભાવનગર, બરવાળા, ભેસાણમાં એક ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર ૨૫મીને રવિવારથી પાંચ દિવસ સુધી વલસાડના છૂટાછવાયા વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. ત્યારે સુરત અને નવસારીમાં આગામી ૨૭મી અને ૨૮મી જૂનના રોજ ભારે વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. સુરત-નવસારીમાં આગામી બે દિવસ હળવો વરસાદ પડી શકે છે. તાપી અને ડાંગ જિલ્લામાં ૨૮મી આસપાસ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે ૨૬મી તારીખે રાજ્યમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દાદરાનગર હવેલી, દમણના મોટા ભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે મોરબી, જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, જુનાગઢ, અરેલી, ગીરસોમનાથ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગરના કેટલાક સ્થળોએ પણ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ સાથે કચ્છના કેટલાક સ્થળોએ પણ વરસાદ થઈ શકે છે. અભિમન્યુ ચૌહાણે આગાહી કરતા એમ પણ જણાવ્યુ કે, ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ રહેશે. અમદાવાદમાં પણ આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ૨૭મી તારીખે એટલે મંગળવારે દક્ષિણ ગુજરાતના વલસાડના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અને દમણ, દાદરા નગરમાં ભારે વરસાદની સંભાવના છે.

### કોન્ટ્રાક્ટર પાસેથી ૪૦ ટકા કમિશન લેતા હોવાનો લગાવ્યો આરોપ

# સિવિલ હોસ્પિટલમાં અસુવિધા અંગે કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ

## વિપક્ષે પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટ યુનિટની કચેરીએ હલ્લાબોલ કર્યો અને વિભાગ તરફથી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ હોય તો તે હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ છે. અહીં રાજકોટ સહિત આસપાસના તાલુકાઓ અને ગામના લોકો સારવાર માટે આવે છે. જો કે બીમારોની સારવાર કરતી આ સિવિલ હોસ્પિટલ ખુદ હાલ બીમાર હાલતમાં ભાસી રહી છે. હોસ્પિટલની અંદર જ બિસ્માર રસ્તા છે. જેમા વરસાદી પાણી ભરાઈ જવાથી સારવાર માટે આવતા લોકોને ભારે હાલાકી પડી રહી છે.

હોસ્પિટલની અંદરના દૃશ્યો પણ ભયાનક છે. અહીં શૌચાલયો છેલ્લા ઘણા સમયથી બ્લોક થયા છે પરંતુ હોસ્પિટલના સત્તાધિશોને તેની કંઈ પડી નથી. બિસ્માર રોડ રસ્તા, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રિક વિભાગ, પાણી અને ડ્રેનેજની લાઈન સહિતના અનેક પ્રશ્નો રહેલા છે. આ તમામ અસુવિધાઓને લઈને આજે કોંગ્રેસ દ્વારા સિવિલમાં હલ્લાબોલ કરવામાં આવ્યુ. વિપક્ષે પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટ યુનિટની કચેરીએ હલ્લાબોલ કર્યો અને વિભાગ તરફથી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો.

વિપક્ષ કોંગ્રેસે કેટલાક ફોટોગ્રાફ્સ સાથે સિવિલ હોસ્પિટલની પોલ ખોલી. કોંગ્રેસના નેતા ગાયત્રીબા વાઘેલાએ કહ્યું હતું કે સિવીલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરમાંથી હજારો દર્દીઓ આવે છે પરંતુ પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. બિસ્માર રોડ રસ્તા, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રિક વિભાગ, પાણી અને ડ્રેનેજની લાઈન સહિતના અનેક પ્રશ્નો રહેલા છે. આ મુદ્દે અવારનવાર રજૂઆત કરવા છતા પણ આ પ્રશ્નનું સમાધાન થતું નથી. કોન્ટ્રાક્ટર પાસેથી ૪૦ ટકાનું કમિશન લેતા હોવાનો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો. સિવીલ હોસ્પિટલમાં તંત્રની બેદરકારીને કારણે પ્રાથમિક સુવિધાઓ પણ ન મળતી હોવાનો આક્ષેપ કર્યો છે. રાજકોટ સિવીલ હોસ્પિટલમાં બિસ્માર રસ્તાને કારણે ભારે હાલાકી પડી રહી છે. ખાસ કરીને હાડકાના દર્દીઓ અને સગર્ભા મહિલાઓ જ્યારે સ્ટેચર પર પસાર થતા હોય છે ત્યારે ભારે હાલાકી પડતી હોય છે ત્યારે તાત્કાલિક આ કામગીરી થાય તે જરૂરી છે.

સિવિલ હોસ્પિટલની ખસ્તા હાલત અને વિરોધપક્ષે કરેલા ભ્રષ્ટાચારના આક્ષેપો કેટલા સાચા છે, તે અંગે જ્યારે પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટ યુનિટના ડેપ્યુટી ઈજનરે પુછવામાં આવ્યું તો હોસ્પિટલમાં થતા સમારકામ માટે ટેન્ડર પ્રક્રિયા ચાલતી હોવાનું તેમણે જણાવ્યું. સાથે જ પોતાના પર લાગેલા ભ્રષ્ટાચારના આક્ષેપોને તેમણે નકાર્યા.

### મધ્યપ્રદેશમાં ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો

# સિંધિયાના ખાસ રાકેશ ગુપ્તાનું ભાજપ પાર્ટીમાંથી રાજીનામું

## હું સિંધિયા સાથે ભાજપમાં જોડાયો હતો પણ ત્યાં અમને સન્માન ન મળ્યું : અમુક ધારાસભ્યો ને લાભ થયો : ગુપ્તા

ભોપાલ, તા.૨૬

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય હિલચાલ વધતી જઈ રહી છે. ભાજપ, કોંગ્રેસના નેતાઓમાં આગળ નીકળવાની જાણે હોડ મચી ગઈ છે. ભાજપ માટે હાલમાં એક આંચકાજનક અહેવાલ આવ્યા છે. જ્યોતિરાદિત્ય સિંધિયાના નજીકના ભાજપના નેતા અને શિવપુરીથી જિલ્લા ઉપાધ્યક્ષ રાકેશ ગુપ્તાએ તેમના પદેથી રાજીનામુ આપી દીધું છે.

પૂર્વ ભાજપ નેતા રાકેશ ગુપ્તા સિંધિયાના નજીકના હતા. ભાજપ છોડતાં તેમણે કહ્યું કે હું સિંધિયા સાથે ભાજપમાં જોડાયો તો ખરો પણ ત્યાં અમને કોઈ સન્માન ન મળ્યું. સિંધિયાને ટેકો આપનારા અમુક જ ધારાસભ્યો અને મંત્રીઓને લાભ થયો છે. જોકે કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા નેતાઓને કંઈ મળ્યું નથી. તેમના સન્માનને પણ આંચકો લાગ્યો છે. ઉલ્લેખનીય છે કે રાકેશ ગુપ્તા હાલમાં શિવપુરી જિલ્લાથી ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ હતા.

ભાજપમાંથી રાજીનામુ આપનારા રાકેશ ગુપ્તા કોંગ્રેસમાં શિવપુરના જિલ્લાધ્યક્ષ હતા. જ્યોતિરાદિત્ય સિંધિયાએ પાર્ટી છોડ્યા બાદ ૨૦૨૦માં તેઓ પણ ભાજપમાં જોડાઈ ગયા હતા પણ તેમને પૂરતું માન ન મળતાં ભાજપમાંથી રાજીનામું આપી દીધું. તેઓ આજે હવે ફરી કોંગ્રેસમાં જોડાશે. તેઓ ૨૦૦ ગાડીઓ અને લગભગ એક હજાર સમર્થકોની સાથે ભોપાલમાં પીસીસી પહોંચવા નીકળી ચૂક્યા છે. કમલનાથની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં સામેલ થશે.

### પીઓકે અંગે ભારતના સંરક્ષણ મંત્રીનું મહત્વપૂર્ણ નિવેદન

# કોઈપણ કાર્યવાહી વીના પીઓકે ભારતમાં ભળી જશે : રાજનાથ સિંહ

જમ્મુ-કાશ્મીર, તા.૨૬

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. રાજનાથ સિંહે કહ્યું કે, પીઓકેને ભારતમાં ભેળવી દેવાની માંગ થઈ રહી છે, જેમાં અમારે કંઈ જ કરવાની જરૂર નહીં પડે. જમ્મુમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગેના સંમેલનમાં સંરક્ષણ મંત્રીએ આતંકવાદ અંગે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં ભારતે આતંકવાદ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે.

પીઓકેઅંગે રાજનાથસિંહે કહ્યું કે, ત્યાંનો લોકો જ ભારતમાં ભેળવવાની સતત માંગ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં અમારે વધુ કશું કરવાની જરૂર નહીં પડે. જમ્મુમાં રાજનાથ સિંહે પાકિસ્તાન ઉપરાંત ચીન અંગે પણ નિવેદન આપતા કહ્યું કે, અમારી સેનાએ એલએસીપર ચીનને જોરદાર જવાબ આપ્યો છે. પાકિસ્તાનની જમીન પરથી ફેલાતા આતંકવાદ અંગે રાજનાથ સિંહે કહ્યું કે, જ્યારે ૨૦૧૯માં પુલવામા હુમલો થયો, ત્યારે વડાપ્રધાન મોદીએ ૧૦ મિનિટની અંદર જ એક્શન લેવાનો નિર્ણય કર્યો, તે ઘટના બાદ જ ભારતીય સેનાએ સીમા પાર ઘૂસી આતંકવાદીઓનો ખાતમો કર્યો... રાજનાથે સ્પષ્ટ કહ્યું કે, જો જરૂર પડશે તો ભારત સીમા પાર જઈને પણ દુશ્મનોનો ખાત્મો બોલાવી શકે છે.

ઉલ્લેખનિય છે કે, છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકળામણે પાકિસ્તાનની કમર તોડી નાખી છે... તો રાજકીય મોરચે પણ પાકિસ્તાન કફોડી સ્થિતિ જોવા મળી છે. આ તમામ બાબતો વચ્ચે પીઓકેમાં પણ પાકિસ્તાનની સત્તા વિરુદ્ધ પ્રદર્શનો થતા રહે છે. આ જ કારણે પીઓકેમોરચા પર ભારત સરકારની નજર રહેલી છે, ત્યારે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે આપેલું નિવેદન ખુબ જ મહત્વનું બની જાય છે. રાજનાથ સિંહે પાકિસ્તાનની સાથે સાથે ચીન પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સરહદ પર ચીન હંમેશા ધમપછાળા કરતું રહ્યું છે, પરંતુ ચીને ભારતીય જમીન પર કબજો જમાવ્યો હોવાનો દાવો ખોટો છે. આપણી બહાદુર સેનાએ સરહદ પર ચીનના દરેક ઈરાદાને નિષ્ફળ બનાવ્યો છે.

### ત્રાસવાદી ગતિવિધિ સાથે જોડાયેલા કેસની તપાસમાં દરોડા

# જમ્મુ-કશ્મીર ઘાટીમાં લગભગ છ સ્થળો પર એનઆઈએના દરોડા

## સુરક્ષા દળો સાથે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ટીમો બાંદીપોરા, કુલગામ, પુલવામા અને શોપિયાં પહોંચી

જમ્મુ, તા.૨૬

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આજે જમ્મુ-કશ્મીર ઘાટીમાં લગભગ છ સ્થળો પર દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા આતંકવાદી ગતિવિધિ સાથે જોડાયેલા એક કેસની તપાસના સંદર્ભમાં કરવામાં આવ્યા છે. આજે સવારે સુરક્ષા દળો સાથે એજન્સીની ટીમો બાંદીપોરા, કુલગામ, પુલવામા અને શોપિયાં પહોંચી હતી. રાજ્યના આ ચાર જિલ્લામાં છ સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે. અગાઉ મંગળવારે, રાજ્ય તપાસ એજન્સીએ શ્રીનગરમાં રાષ્ટ્રવિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓ માટે સોશિયલ મીડિયાના દુરુપયોગના સંબંધમાં ઘાટીના ચાર જિલ્લામાં છ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જે વ્યક્તિઓ અને સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી તે વિદેશી સહયોગીઓ સાથે મળીને ઘાટીમાં આતંકવાદ પ્રોત્સાહન આપવાની શંકા છે. એસએઆઈઅધિકારીના જણાવ્યા અનુસાર, એજન્સીએ કુપવાડા, અનંતનાગ, પુલવામા અને શ્રીનગર જિલ્લામાં છ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું. તપાસ એજન્સીએ સોશિયલ મીડિયા પર નફરત ફેલાવવા અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કેસ નોંધ્યો હતો. આ ઓળખાયેલી સંસ્થાઓ પર આતંકવાદ અને તેના સમર્થનનો પણ આરોપ છે.

### મહારાષ્ટ્રમાં પક્ષ વિસ્તરણ માટે જોર લગાવ્યું હતું

# તેલંગાણા બીઆરએસના દોઢ ડઝન નેતા કોંગ્રેસમાં જોડાશે

## પૂર્વ સાંસદ પી. એસ. રેડ્ડી, પૂર્વ પ્રધાન કૃષ્ણા રાવ સાથે અનેક નેતાઓ દિલ્હીમાં કોંગ્રેસમાં પ્રવેશ કરશે

હૈદ્રાબાદ, તા.૨૬

મહારાષ્ટ્રમાં પક્ષવિસ્તરણ માટે જોર લગાવનાર તેલાંગાણાના મુખ્ય પ્રધાન કેસીઆરને તેમના જ રાજ્યમાં મોટો ઝાટકો લાગ્યો છે. તેલંગાણા બીઆરએસના લગભગ દોઢ ડઝન જેટલાં નેતાઓ આજે કોંગ્રેસમાં પ્રવેશ કરવાના છે. બીઆરએસના પૂર્વ સાંસદ પી.એસ.રેડ્ડી, પૂર્વ પ્રધાન કૃષ્ણા રાવ સાથે અનેક નેતાઓ આજે દિલ્હીમાં મલ્લિકાર્જુન ખરગે અને રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાં પ્રવેશ કરશે.

પ્રાપ્ત વિગતો અનુસાર ખમ્મમના પી.એસ. રેડ્ડી, પૂર્વ પ્રધાન કૃષ્ણા રાવ, વિધાન સભ્ય દામોદર રેડ્ડી ઉપરાંત ત્રણ-ચાર પૂર્વ વિધાન સભ્યો સહિત લગભગ દોઢ ડઝન નેતાઓ દિલ્હીમાં કોંગ્રેસમાં પ્રવેશ કરશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે અને રાહુલ ગાંધી સોમવારે દિલ્હીની પાર્ટી ઓફિસમાં આ નેતાઓનું સ્વાગત કરશે. ઉલ્લેખનીય છે કે કર્ણાટકમાં વિજય મેળવ્યા બાદ કોંગ્રેસે તેલંગાણાની સત્તાધારી બીઆરએસ સરકારમાં ગાબડું પાડ્યું છે. બીઆરએસના બળવાખોર નેતા કોંગ્રેસમાં પ્રવેશ કરે તે પહેલાં ચર્ચા કરવા માટે સોમવારે નવી દિલ્હીમાં તેલંગાણા કોંગ્રેસના નેતાઓની પક્ષના કેન્દ્રિય નેતાઓ સાથે બેઠક થનાર છે. અવિભાજીત ખમ્મમ અને મહેબૂબનગર જિલ્લાના પ્રમુખ નેતાઓને આ બેઠકમાં આમંત્રીત કરવામાં આવ્યા છે. આ બેઠકમાં બીઆરએસ અને ભાજપના અન્ય એક નેતા સામેલ થશે તેવી જાણકારી કોંગ્રેસના સૂત્રોમાંથી મળી રહી છે. આ બંને નેતાઓને પક્ષ વિરોધી કાર્યો માટે એપ્રિલમાં ભારત રાષ્ટ્ર સમિતી (બીઆરએસ) માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

બીઆરએસમાં સામેલ થવા કૃષ્ણા રાવે ૨૦૧૧માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. તેઓ મહેબૂબનગર જિલ્લાના કોલ્લાપૂર મતદારસંઘમાંથી ૨૦૧૪માં બીઆરએસમાંથી ઉમેદવારી નોંધાવી ચૂંટાયા હતાં. હવે તેઓ પાછા કોંગ્રેસમાં જવાના છે. આ સાથે બીજા કેટલાંક નેતાઓ પણ કોંગ્રેસમાં સામેલ થવાની હરોળમાં હોવાની જાણકારી પણ મળી રહી છે. જો આવું થશે તો તેલંગાણામાં બીઆરએસને મોટું નૂકસાન થઈ શકે છે.

# અમરેલી જિલ્લા ભાજપ નેતાઓએ કટોકટી કાળને યાદ કર્યો







કોલેજના પ્રોફેસરની એક ટકોરના કારણે વિદ્યાર્થી શકિતએ રાષ્ટ્રશકિત-દેશભકિત તરફ આગળ વધીને જનસંઘથી ભાજપના સુશાસન સુધીની સફરના ભવ્ય ભૂતકાળને દિલીપ સંઘાણીએ પ્રદેશ કાર્યાલય-ગાંધીનગર ખાતે વાગોળ્યા હતા. આ તકે અમરેલી જિલ્લાના જનસંઘ-ભાજપના કાર્યકરશ્રીઓ વસંતભાઈ આશર, દિનેશભાઈ પોપટ, ચંડીદાનભાઈ ગઢવી, મોહનભાઈ વરીયા, રશ્વિનભાલ ડોડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. અમરેલી જિલ્લામા કટોકટી જાહેર થતા જ સૌ પ્રથમ જોખમી જણાતા આગેવાનોની ઘડપકડ કરવામા આવેલી. કટોકટીના પ્રથમ દિવસે અમરેલીની કોલેજમા પ્રવેશતા વિદ્યાર્થી પરિષદના નેતા અને જીએસ દિલીપ સંઘાણીએ કટોકટી સામે આક્રમક અભિગમ અપનાવી શાળા-કોલેજોમા હડતાલ પડાવી હતી, સંઘાણીને સાબરમતિ જેલમા ધકેલી દેવામા આવતા જેલવાસ દરમ્યાન સંઘના પાઠ ભણ્યા. વિદ્યાર્થીકાળ-જનસંઘ અને ત્યાર બાદ ભારતીય જનતા પક્ષના વિચાર વારસાને જનજન સુધી પહોચાડવાનું વણથંભ્યું કામ કરી રહેલ દિલીપ સંઘાણીએ આ કાર્યમા જે તે સમયના સૌ સહયોગીઓને યાદ કરીને સંઘર્ષ ગાથા કાર્યક્રમમા વર્ણવી હતી. આ તકે પક્ષના પૂર્વ આગેવાનો ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.

### શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા

## સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનાં નવા પરિસર માટે ૫૧ લાખનું અનુદાન કરાયું

### સેવાકાર્યમાં હંમેશા મદદ મળતી રહે છે તે સાબિત થાય છે

રાજકોટ, તા. ૨૬

શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા સદ્‌ભાવના વૃધ્ધાશ્રમનાં નવા પરિસર માટે સમગ્રપણે ૫૧ લાખનું માતબર અનુદાન કરાયું. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ સંસ્થા દ્વારા અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે.




નકામી બંજર જમીનમાં નેપીયેર ઘાસ ઉગાડવા માટે મદદ કરવામાં આવે છે. પશુઓને શાતા મળી રહે તે માટે શેડ, ચારા, ગોદામ તેમજ પાણીનાં અવેડા, ગમાણ વિગેરે અકોલા, નાંદેડ, યવતમાલ,વર્ધા, નાગપુર, મહારાષ્ટ્રમાં બંધાવી આપ્યા છે. દર વર્ષે મેગા એનીમલ કેમ્પનું વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં આયોજન કરવામાં આવે છે.

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.

આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતુ નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે.

સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળુ પણ કોઈ ન હોય, એકલવાયી- નિરાધાર હાલતમાં પોતાન જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં) માટે સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે.

રાજકોટમાં દેશનો મોટો ૭૦૦ રૂમનો સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ બનશે. જેમાં એકસાથે ૨૧૦૦ પથારીવશ બીમાર વૃદ્ધોને આશરો આપી તેની સાર-સંભાળ લઈ સારવાર કરાશે. દેશના કોઈપણ ખૂણે નિરાધાર વૃદ્ધ લાચાર, પથારિવશ વૃદ્ધોને હવે આગામી સમયમાં રાજકોટ ખાતે આશરો મળવાની સાથે યોગ્ય સારવાર પણ મળી રહેશે.

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના સંચાલકો જણાવે છે કે આખો પ્રોજેકટ કુલ રૂ.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. કુલ ૭ ટાવર હશે. આ આશ્રમમાં એવા જ વડીલોને આશરો અપાશે કે જે નિરાધાર છે જેને કોઈ સંતાન નથી તેમજ જેઓ લાચાર છે.

શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)નાં જયેશભાઈ શાહ (જરીવાલા) (મો. ૯૯૨૦૪ ૯૪૪૩૩) ના નેજા હેઠળ ભરતભાઈ મહેતા, અશોકભાઈ લોઢા, હિતેશભાઈ સંઘવી સહિતનાઓની ટીમ કાર્યરત છે.

## સા.કુંડલા : હાથસણીનાં જાગૃત નાગરિક દિલુભાઇ ખુમાણનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામના તટસ્થ, પર્યાવરણપ્રેમી અને બહોળું મિત્રવર્તુળ ધરાવતા યુવા શિક્ષિત એવા દિલુભાઈ એમ. ખુમાણનો આજે જન્મદિવસ હોય ત્યારે તેઓને મિત્રો, સગા, સ્નેહીજનો દ્વારા જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

## કોટડાપીઠા પંથકમાં દોઢ ઈચ વરસાદથી મુરજાતી મોલાતને ફાયદો




તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૨૬

બાબરા તાલુકાનાં કોટડાપીઠા સહિતનાં ગ્રામ્ય પંથકમાં આજ બપોરનાં એક થી બે વચ્ચે દોઢ ઈંચ વરસાદ પડેલ છે. આથી વાવાઝોડાનાં વરસાદથી મુરજાતી મોલાતને જીવનદાન મળેલ છે.

જયારે અમુક વિસ્તારમાં વાવણી લાયક વરસાદ થયેલ ન હતો ત્યાં આ વરસાદથી વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદ છવાયેલ. હજુ પણ કાળા ડીબાંગ વાદળથી આકાશ ઘેરાયેલ છે.

## અમરેલીની મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓ આર્મી કેમ્પમાં અગ્રેસર



૨૮/૫/૨૦૨૩ દરમ્યાના ધ્રાંગ્રધા ખાતે આયોજિત આર્મી એટેચમેન્ટ કેમ્પમાં નિમ્નાંકિત સ્પર્ધાઓમાં ક્રમ પ્રાપ્ત કરીને સમગ્ર કોલેજની ગૌરવ વધાર્યુ છે. સ્પર્ધામાં વિજેતા તમામ વિદ્યાર્થીનીઓને મેજર સવિતાબેન પરમાર, પ્રિન્સિ. ડો. ચુડાસમા કોલેજ પરિવાર કોલેજની સર્વે વિદ્યાર્થીનીઓ અને સમગ્ર ટ્રસ્ટીગણ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | સ્પર્ધાનું નામ | પ્રાપ્ત ક્રમ |
|---|---|---|---|
| ૧ | જીંજારિયા મનીષા એસ.(બી.એ. સેમ.૫) | લોંગ જમ્પ | તૃતીય |
| ૨ | જીંજારિયા મનીષા એસ. (બી.એ.સેમ.૫) | ૪૦૦ મી. દોડ | તૃતીય |
| ૩ | સોલંકી દયા કે. (બી.એ.સેમ.૫) | ૨૦૦ મી. દોડ | તૃતીય |
| ૪ | રાઠોડ જયોતિ વી. (બી.એ. સેમ.૫) | ૧૦ ઈ. દૌડ | તૃતીય |

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ-અઅમરેલીની એન.સી.સી.નાં કેડેટ્સે તારીખ ૧૫/૫/૨૦૨૩ થી

## અમરેલી ખાતે આર્ટ ઓફ લિવિંગ દ્વારા જેલમાં યોગદિનની ઉજવણી

અમરેલી, તા. ૨૬

ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, આર્ટ ઓફ લિવિંગના સંયુકત ઉપક્રમે અમરેલી જિલ્લા જેલમાં વિ યોગ દિવસની ઉજવણી અંતર્ગત અમરેલી આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક અને યોગના ટ્રેનર ઉમેશભાઈ દુધાત, રાઘવભાઈ પરમાર તથા વોલીન્ટર નિલેશભાઈ મોવલિયા, આશીષભાઈ રતનધાયરા દ્વારા ડીસ્ટ્રિક જેલના કર્મચારીઓ/અધિકારીઓ જેલ સુપ્રિટેન્ડેન્ટ રબારી, ગઢવી તથા જેલના બંદીવાનોને યોગ વિશે માહિતી આપેલ તથા અલગ અલગ યોગ આસનો ધ્યાન પ્રાણાયામ કરાવી યોગ દિવસની ઉજવણી કરાવવામાં આવેલ છે.



જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ઉત્સાહ અને આનંદ સાથે લાભ લીધેલ અને એક શાંતિ ખુશી અને આનંદની અનુભુતિ કરેલ. ઉમેશ દુધાતની યાદીમાં જણાવેલ છે.

## ઉનામાં એપમાં રજીસ્ટ્રેશન વગર રૂમ આપતી હોટલ સામે કાર્યવાહી

ઉના, તા. ૨૬

ઉનામાં પથિક એપમાં રજીસ્ટ્રેશન કર્યા વગર મુસાફરોને કોઈપણ આધાર વગર રૂમ આપતા હોટલો અને ગેસ્ટ હાઉસ સામે પોલીસે કાર્યવાહી આરંભી હતી. ત્યારે દેલવાડા રોડ પર આવેલ માતંગી મોટેલ હોટેલનાં સંચાલક સામે જાહેરનામાનાં ભંગનો ગુનો દાખલ કર્યો હતો. ગીર સોમનાથ જિલ્લા એસ.ઓ.જી.ટીમ દેલવાડા રોડ પર આવેલ માતંગી મોટેલ હોટેલમાં



પહોંચી અને તપાસ કરતા ગેસ્ટ હાઉસનાં સંચાલક ચુનીલાલ ધીરૂભાઈ સાંખટ રહે.ઉના વાળાઓ પથિક એપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન કર્યા વગર હોટેલ ચલાવતા હોવાનું માલુમ પડતા ગીર સોમનાથ જિલ્લા એસ.ઓ.જી. ટીમે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# બાબરાનાં વાંડળીયા ગામે ભાજપ સરકારની સિદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

પ્રદેશ ભાજપની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા પંચાયતનાં કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડને બાબરા તાલુકાનાં વાંડળીયા ગામે ભારતીય જનતા પાર્ટીનાં વિસ્તારક તરીકે કામગીરી સોંપવામાં આવી હતી. અહીં ગ્રામ્ય વિસ્તારોમાં નીતિનભાઈ રાઠોડ દ્વારા ડોર ટુ ડોર, શોપ ટુ શોપ તેમજ સીમ વિસ્તારમાં લોકોની રૂબરૂ મુલાકાત કરી કેન્દ્ર સરકારનાં વિવિધ વિકાસનાં કામો તેમજ યોજનાઓની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જીલ્લા પંચાયત કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ તેમજ વિકાસનાં કામો જેમાં ગરીબો અને વંચિતો માટેની સેવા, ખેડૂત કલ્યાણ, ટેક્નોલોજી, પર્યાવરણ, વ્યાપાર સહિત માળખાગત સુવિધા બાબતે થયેલ વિકાસની વિગતવાર અને મુદ્દાસર લોકોને સમજાવી માહિતગાર કર્યા હતા.

# ચલાલા : હરીબા મહિલા કોલેજમાં નવો પ્રવેશ મેળવનાર દીકરીઓનું કરાયું સ્વાગત



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ધ્વારા સંચાલિત અને દાતા કનુભાઈ તથા હંસાબેન તેજુરાનાં સહયોગથી નવ નિર્માણ પામેલ હરિબા મહિલા કોલેજ ખાતે બીએ, બીકોમ, બીસીએના અભ્યાસક્રમમાં નવું એડમીશન લીધેલ દીકરીઓનું કોલેજ ધ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જેમાં આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વડા પૂ. રતિદાદા ધ્વારા દીપપ્રાગટયથી કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સન્માન કરાયુંઅનેજૂની દીકરીઓ ધ્વારા સ્વાગત ગીત કરી નવી દીકરીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દીકરીઓ ખૂબ આગળ વધે – દાતા કનુભાઈ તથા હંસાબેન તેજુરા, દીકીઓ આ કોલેજમાં અભ્યાસ કરી ખૂબ પ્રગતિ કરે – સંસ્થાના વડા પૂ. રતિદાદા, શ્રેષ્ઠ માર્ગદર્શન– ડાયરેકટર મહેશભાઈ મહેતા, સ્પર્ધાત્મક પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે માર્ગદર્શન–પ્રદયુમનભાઈ જોશી, દીકરીઓને કોલેજમાં કઈ રીતે આગળ વધે શકાય એ માટેની પ્રેરણા–ભાવેશભાઈ બોરીસાગર. ત્યારબાદ દીકરીઓના હસ્તે કેક કટિંગ કરવામાં આવ્યું સાથે સાથે દીકરીઓએ ગરબાની રમઝટ બોલાવીને કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો. ત્યારબાદ નાસ્તો કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું સા.કુંડલા માર્કેટયાર્ડનાં વાઈસ ચેરમેન

ઓડિયો ક્લિપને કારણે ચર્ચાને ચકડોળે ચડી છે. જાણવા મળતી માહિતી પ્રમાણે સાવરકુંડલા યાર્ડમાં ભાજપના બુથના કાર્યક્રમમાં વાઈસ ચેરમેન મનજીબાપા તળાવિયાને સાઈડ લાઈન કરીને કાર્યક્રમનું આમંત્રણ ના આપતા વિવાદ ઊભો થયો હોવાની વિગતો બહાર આવી રહી છે.

સાવરકુંડલા યાર્ડના વાઈસ ચેરમેન મનજીબાપા તળાવીયાએ સેક્રેટરી રમેશ રાદડીયાને ભાજપના બૂથના કાર્યક્રમ અંગે આમંત્રણ કે યાર્ડનો એક શેડ કાર્યક્રમ પૂરતો આપ્યો તેની જાણ ના કરતા સેક્રેટરી રમેશ રાદડીયાને ખખડાવી નાખ્યા હતા અને યાર્ડના ચેરમેન દીપક માલાણીએ યાર્ડ વેચવું હોય તો વેચી નાખે તેવા શબ્દો પણ મનજીબાપા તળાવીયા એ ઉચાર્યા હતા જયારે સાવરકુંડલા યાર્ડમાં ભાજપના ૪ કાર્યક્રમ થયા એકવાર પણ જમવાનું પૂછવાની તસ્દી નથી લીધી કે યાર્ડનો શેડ આપો ત્યારે સેક્રેટરી તરીકે તમારી જવાબદારી થાય પૂછવાની પણ તમે તે તસદી પણ લીધી ના હોય તેવા ઉદગારો મનજીબાપા તળાવીયાએ સેક્રેટરી રાદડીયાને ખખડાવીને કહ્યું હતું.

વધુમાં ભાજપના દિલીપ સંઘાણી વખતના મનજીબાપા તળાવીયા ભાજપમાં હોય છતાં યાર્ડના ચેરમેન દીપક માલાણી માટે ભાજપમાં હોવા છતાં દીપક માલાણી વિધાનસભાની ટિકિટ મળે તે માટે સાથે રહ્યા હતા. તેવા શબ્દો પ્રયોગ પણ મનજીબાપા તળાવીયાએ કર્યા હતા.

અઠવાડિયા પહેલાંની ઓડિયો ક્લિપ સોશીયલ મીડિયામાં વાયરલ થતાં મનજી બાપા તળાવીયાએ વાયરલ ઓડિયો અંગે સેક્રેટરીને ઠપકો આપ્યાની આપી પૂષ્ટી હતી ને મેં કાંઈ ખોટું નથી કીધું એને સાચું જ કીધું છે, તેવો મીડિયાને જવાબ મનજીબાપા તળાવિયાએ આપ્યો હતો.


## જાહેર નોટિસ કમ ચેતવણી

અમારા પુત્ર **રવી નરેન્દ્રભાઈ ધાનાણી** (ઉ.વ.૩૩) તેઓ અમારા કહ્યામાં ઘણા સમયથી નથી. અમારી કોઈપણ મિલ્કતમાં એનો કોઈપણ લાગભાગ કે હકક–હિસ્સો નથી. અમારી બધી મિલ્કતમાંથી બેદખલ કરેલ છે.

તેઓ અમારાથી ઘણા સમયથી અલગ રહેતા હોય તેઓની સાથે કોઈએ નાણાકીય વ્યવહાર કે મિલ્કતના વ્યવહાર કરવા નહીં, જો આમ છતાં કોઈપણ અમારા સગા–સંબંધી કે ત્રાહિત વ્યકિત **રવી નરેન્દ્રભાઈ ધાનાણી** સાથે નાણાંકીય કે અન્ય કોઈપણ પ્રકારના વ્યવહાર કરેલા હોય કે કરશે તો તેની જવાબદારી વ્યવહાર કરનારની પોતાની અંગત જવાબદારી રહેશે, અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. જેની દરેક જાહેર જનતાએ નોંધ લેવી.

લી.
નરેન્દ્રભાઈ કેશવભાઈ ધાનાણી
શારદાબેન નરેન્દ્રભાઈ ધાનાણી


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૪૦ | ૧૪૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૯૯૯ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૭૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૨૭૦ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૨૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૬૮ | ૩૩૬૮ |
| ૮ | બાજરો | ૩૦૫ | ૩૭૧ |
| ૯ | જુવાર | ૫૭૩ | ૧૧૬૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૯૫ | ૪૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૨ |
| ૧૨ | અડદ | ૧૪૧૨ | ૧૪૬૯ |
| ૧૩ | ચણા | ૭૫૧ | ૯૭૬ |
| ૧૪ | ચણા દેશી | ૫૦૫ | ૧૦૭૩ |
| ૧૫ | તુવેર | ૮૪૦ | ૧૭૦૦ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૮ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૩૬ |
| ૧૮ | ધાણા | ૮૦૦ | ૧૧૬૬ |
| ૧૯ | ધાણી | ૧૧૭૦ | ૧૧૯૨ |
| ૨૦ | મેથી | ૯૦૦ | ૧૧૮૦ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૯૫૨ |


હેપ્પી બર્થ–ડે...

બાબરાની જેન્સી મેવાડાનો આજે જન્મ દિવસ હોય
દાદા : વાલજીભાઈ, દાદી : વીલાબેન,
પપ્પા : વિજયભાઈ, મમ્મી : મીનાક્ષીબેન
ફુવા : કમલેશભાઈ, ફૈબા : કૈલાસબેન,
કાકા : મહેશભાઈ, કાકી : સોનલબેન,
ભાઈ : શુભમ, વિરાજ,
દીદી : દીપાલી, ચૈત્વી, ખુશી
તેમજ સમગ્ર મેવાડા પરિવાર તરફથી
લાડકડી 'જેન્સી'ને તેના જન્મદિને
ખુબ ખુબ શુભેચ્છા સહ આશિર્વાદ....
મુ. બાબરા.



જેન્સી મેવાડા


## પાના ૮ ઉપરનું ચાલું ગાંધીનાં ગુજરાતમાં દેશી–વિદેશી દારૂનું

કેટલું ડ્રગ્ઝ વેચાતું હશે? છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં ૬૪૫૬૧ હજાર કિલો ડ્રગ્ઝ પકડાયુ, જયારે ૯૮૬ લીટર પ્રવાહી ડ્રગ્ઝ તથા ૭૨૯૭૮ ડ્રગ્ઝ પીલ્સ–ઈન્જેકશન પકડાયા છે. મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્ઝની તસ્કરી માટે ડ્રગ્ઝ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતમાં ડ્રગ્ઝની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮નાં આંકડા પ્રમાણે રાજયના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરૂષો ડ્રગ્ઝનાં બંધાણી જયારે ૧ લાખ ૮૫ હજાર મહિલાઓમાં પણ ડ્રગ્ઝની બંધાણી છે જે દર્શાવે છે ગુજરાતમાં કયા હદે ડ્રગ્ઝનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. રાજય પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહિતની કેન્દ્રીય સંસ્થાઓ રાજયમાં બોર્ડર પોસ્ટ, પેટ્રોલિંગ, રાઉન્ડ ધ કલોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહિતની ટેકનોલોજી હોવા છતાં રાજયમાં હવાઈમાર્ગ, દરિયાઈ માર્ગ, પોર્ટ જેવા માર્ગથી ગુજરાતમાં કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્ઝ ઠલવાઈ રહ્યું છે. ત્યારે ગુજરાત ડ્રગ્ઝનું પ્રવેશ ધ્વારા અને એપી સેન્ટર બને તે ચિંતાજનક છે.

રાજયમાં સરકાર પાસે આ ડ્રગ્ઝની બદીને નાથવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશનાં પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાનની જરૂર જેની સામે હાલ માત્ર ૧૫૨ પોલીસ જવાન છે. ગુજરાતમાં પ્રતિલાખ જનસંખ્યા પ્રમાણે ૧૭૪ પોલીસ જવાન હોવા જોઈએ જેની સામે ગુજરાતમાં પ્રતિલાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછા પોલીસ જવાન છે. નશામુકિત અભિયાન, અવેરનેસ એકટીવીટી, ડ્રગ્ઝ અંગે જનજાગૃત્તિ કાર્યક્રમો માત્ર કાગળ પર હોય તેમ જણાઈ રહ્યું છે. સરકારે છેલ્લા કેટલાય સમયથી ડ્રગ્ઝ સામે લડાઈ લડતી સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી દીધી છે. ગુજરાતમાં ડ્રગ્ઝની ભયાવહ બદીને નાથવા સ્કૂલ અને કોલેજમાં એન્ટી ડ્રગ્ઝ–નો ડ્રગ્ઝ કેમ્પેઈન ચલાવવામાં આવે, વહેલીતકે પોલીસકર્મીઓની ભરતી કરે અને ડ્રગ્ઝ માફિયાઓ પર તાત્કાલિક કડક પગલા લે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૧૦ |
| ૨ | જુવાર | ૫૩૨ | ૫૩૨ |
| ૩ | મગફળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૪ | સોયાબીન | ૯૩૨ | ૯૩૨ |
| ૫ | શીંગ દાણા | ૧૯૩૨ | ૧૯૫૩ |
| ૬ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૨૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૩૦ |
| ૬ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૧૬૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૪૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૩ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૭૫ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૭૧ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | ૫૫૬ |
| ૧૩ | મગ | ૧૪૫૦ | ૧૭૯૦ |
| ૧૪ | અડદ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા | ૮૭૦ | ૯૬૩ |
| ૧૬ | તુવેર | ૧૪૧૧ | ૧૭૦૦ |
| ૧૭ | મેથી | ૯૬૦ | ૧૦૦૨ |
| ૧૮ | ધાણા | ૯૦૦ | ૧૧૦૧ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા : એસ.ટી. ડેપોનાં

તમામ ડ્રાઈવરો એકસરખા સમાન રાખવામાં આવતા નથી એક ને ગોળ તથા એકને ખોળ જેવી કહેવત મુજબ રાખવામાં આવે છે. એટલે કે વ્હાલાદવલાની નીતિ અપનાવે છે. આ બાબતે બગસરા ડેપોનાં તમામ ડ્રાઈવરો દ્વારા એસ.ટી. ડેપોનાં મેનેજરને લેખિત બાબતે રજૂઆત કરેલ છે. છતાં હજી સુધી કોઈ ફેરફાર થયેલ નથી. હાજરી પૂરવા બાબતે, કાગળ ફાડવા બાબતે લેખિત ડેપો મેનેજરને પણ અરજી કરેલ છે. જેની હજી સુધી તપાસ થયેલ નથી. ડયુટી લીસ્ટ ઈન્ચાર્જ દ્વારા આવો ભેદભાવ રાખવામાં આવે છે. આ બાબતે તાત્કાલિક ઘટતું કરવા માંગણી ઉઠી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી સહિત ૪ જિલ્લામાં

પેટા(૨) તથા કલમ–૩(૨) તથા કલમ–૩(૪) મુજબનો ગુન્હો તા.૨૨/૬ ના ૧૧ વાગ્યે રજી કરવામાં આવેલ છે.

અમરેલી જીલ્લામાં ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠીત ગુન્હા નિયંત્રણ કાયદો ૨૦૧૫ મુજબ સંગઠીત ગુન્હા કરતી ટોળકીના નીચે મુજબના સભ્યો વિરૂધ્ધ ગુન્હો રજી. થયેલ છે.

સદરહું ગુન્હાની તપાસ અમરેલી નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીને સોંપવામાં આવેલ છે તેમના સહાયક તપાસનીશ અધિકારી તરીકે જે.જે. ચૌધરી પો.ઈન્સ, તથા આર.ડી. ચૌધરી પો.ઈન્સ. બાબરા પો.સ્ટે. તથા પી.બી. લકડ પો.સબ.ઈન્સ. એલસીબી શાખા અમરેલી તથા બી.પી. પરમાર પો.સબ. ઈન્સ. દામનગર પો.સ્ટે.ની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીને અટક તા. ૨૬/૦૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ઉપરોકત ચારેય આરોપીઓનો અમરેલી જીલ્લા જેલમાંથી કબજો મેળવી, ગુન્હાના કામે અટક કરવામાં આવેલ છે અને ગુન્હાની તપાસ માટે જરૂરી મુદ્દાઓ અંગે માહિતી મેળવવા આરોપીઓને કોર્ટમાં રજુ કરી, રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદ : દુધાળામાં ધોળે દિ'એ

પ્રાપ્ત માહિતી મુજબ લાલાભાઈ ભાણાભાઈ શિયાળ (ઉંમર ૪૫) રહે. દુધાળા ગામના ખેડૂતે ગઈકાલે નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધા વતા જણાવેલ હતું કે પોતે તારીખ ૨૩ના રોજ સવારના આઠ વાગ્યે ખેતી કામે પોતાના ખેતરે ગયેલ હતા અને તેનો ભાઈ તેમજ પોતાનો પુત્ર સહિતના પરિવારજનો સાડા દશ વાગ્યે ઘરને તાળું મારી ખેતરે આવેલ હતા. બપોરે બાર વાગ્યે તેમનો ભાઈ સુખાભાઈ ટ્રેકટર લઈને ખેતરેથી ઘરે આવેલ હતો. ઘરે આવીને જોતા ઘરને મારેલ તાળું અને નકુચો તૂટેલી હાલતમાં પડેલ હતા.

જેથી ઘરમાં જઈને જોતા ઘરનો સામાન વેરવિખેર પડેલ હતો. લોખંડના પટારાને મારેલ તાળું પણ તૂટેલી હાલતમાં હતું. તેથી પટારામાં તપાસ કરતા તેમાં રાખેલ રોકડ રકમ રૂપિયા ત્રણ લાખ તેમજ સોનાના દાગીના તોલા પાંચ કિંમત રૂપિયા૧.૫ લાખ સહિત કુલ રૂપિયા ૪.૫ લાખના માલમતાની ચોરી થયાનું માલૂમ પડતા અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાયેલ હતી. દિન દહાડે ફકત દોઢ કલાકમાં જ તસ્કરો કળા કરી નાસી છૂટયા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૦ | ૧૩૬૦ |
| ૨ | મગફળી | ૧૨૫૫ | ૧૩૦૧ |
| ૩ | ચણા | ૮૩૫ | ૯૫૧ |
| ૪ | તલ | ૨૨૦૦ | ૨૯૧૧ |
| ૫ | સોયાબીન | ૯૨૧ | ૯૫૫ |
| ૬ | શીંગ દાણા | ૧૪૭૦ | ૧૯૧૫ |
| ૭ | મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| ૮ | મગ | ૧૪૦૦ | ૧૬૬૦ |
| ૯ | એરંડા | ૯૪૧ | ૧૦૭૭ |
| ૧૦ | ધાણા | ૯૭૭ | ૯૭૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨ | ધાણા | ૮૮૩ | ૯૦૦ |
| ૩ | ચણા | ૮૫૦ | ૯૨૮ |
| ૪ | ઘઉં લોકવન | ૪૩૩ | ૪૩૩ |
| ૫ | ચણાની દાળ | ૬૫૧ | ૬૫૧ |
| ૬ | સોયા | ૮૦૦ | ૯૨૬ |
| ૭ | મગફળી | ૧૨૫૦ | ૧૩૫૨ |
| ૮ | શીંગ દાણા | ૧૫૧૦ | ૧૯૯૦ |
| ૯ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૯૭૦ |
| ૧૦ | તલ કાળા | ૨૫૫૨ | ૨૭૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું સા.કુંડલામાં મોટા ઉપાડે

ટી.આર.બી.ના જવાનો હંમેશા મોબાઈલમાં નાવલી પોલીસ ચોકીએ વ્યસ્ત જોવા મળતા હોય ત્યારે લીમડી ચોક વિસ્તારના વેપારીઓ અને દુકાનદારોને બકરી કાઢતા ઊંટ પેઠયું હોય તેવો ઘાટ ઘડાયો હોવાની પ્રતીતિ થઈ રહી છે. ત્યારે સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરે છે પણ લીમડી ચોકમાં આડેધડ થતા પાર્કિંગ સામે પણ નજર નાખે તે ઈચ્છનીય છે ને ટી.આર.બી.જવાનો બેસવાનો પગાર મેળવી મોબાઈલમાં વ્યસ્ત રહે તેને કામે વળગાડે તો આ માથાના દુખાવો સાબિત થયેલા આડેધડ પાર્કિંગમાંથી છુટકારો મળે તેવું પ્રબુદ્ધ લોકો ચર્ચી રહ્યા છે.

## પાના ૮ ઉપરનું ચાલું પાણીની પાઈપલાઈનને લઈ પરેશાની

કનેકશન જોડાણ કરેલ છે. આ કનેકશન જોડાણ ગેરકાયદેસર કરેલ છે. આ કનેકશન જોડાણ કરી ધરમનગર વિસ્તાર સુધી આ પાઈપલાઈન લઈ ગયેલ છે. જે ગેરકાયદેસર છે. આ પાઈપલાઈન નાખવા કોન્ટ્રાકટર દ્વારા એક વર્ષ પહેલા પ્રયત્ન કરવામાં આવેલ. પરંતુ વૃંદાવન પાર્ક–૩ વિસ્તારના રહીશો દ્વારા આ પાઈપલાઈન નાખવા દેવામાં આવેલ નહી. ફરીથી આ પાઈપલાઈન નાખવાનું કામ કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ છે. આ પાઈપલાઈન નાખવાથી આ વિસ્તારમાં કિચડ થાય છે. આ પાઈપલાઈનની ખોદલ નાળ ામાં બે વ્યકિત પડવાથી તેમને ગંભીર ઈજાઓ થયેલ છે. ઉપરાંત આ જગ્યાએ કનેકશન આપવાથી વૃંદવન પાર્ક–૩નાં લોકોને ઘરોમાં પાણી ખૂબ જ ધીમું આવે છે અને મોટર વગર આવતું નથી. બાપા સીતારામ ચોકથી અગાઉ પણ કોન્ટ્રાકટર દ્વારા ગેરકાયદેસર ધરમનગર વિસ્તારમાં તથા અન્ય વિસ્તારમાં પાઈપલાઈન નાખીને લઈ ગયેલ છે. અવારનવાર કોન્ટ્રાકટર દ્વારા પાઈપલાઈનનાં કામ માટે આ સોસાયટીમાં ખોદકામ કરી રોડ તોડી નાખવામાં આવે છે અને રીપેરીંગ પણ કરવામાં આવતો નથી. બાપા સીતારામ ચોકમાં બારેમાસ પાણીની લાઈનમાં લીકેજ થવાથી ગંદકી થાય છે. જેથી આ પાઈપલાઈન નાખવાનું કામ રદ કરવું અને ખોદકામ કરેલ માટી બાપા સીતારામ ચોકમાં પડેલ હોવાથી સોસાયટીનાં રહીશોને હાલવામાં તકલીફ થાય છે. જે વિસ્તાર માટે પાણીની પાઈપલાઈનની જરૂરિયાત હોય તે વિસ્તાર માટે બાપા સીતારામ ચોક અને વૃંદાવન પાર્ક–૩ થી પાઈપલાઈન ન નાખે તેવી કાર્યવાહી કરવા અને અન્ય જગ્યાએથી પાણીની પાઈપલાઈન નાખવા વૃંદાવન પાર્ક–૩ સોસાયટીનાં રહીશો દ્વારા અરજી કરી માંગ કરવામાં આવે છે.

બાપા સીતારામ ચોકમાં કાયમી માટે પાઈપલાઈન લીકેજ હોવાથી વૃંદાવન પાર્કનાં રહીશોનાં ઘરે પાણી પણ ગંદુ આવે છે.

એસ.ટી. ડિવિઝનની સામે વૃંદાવન પાર્કના શરૂ થતાં વિસ્તારમાં પાઈપલાઈન વારંવાર તૂટતી હોવાથી વૃંદાવન પાર્ક વિસ્તારમાં ગંદુ પાણી કાયમ માટે આવે છે. આ જગ્યાએ ખાડા પડી ગયેલા છે અને પાણી પણ ભરેલું રહેતું હોવાથી કાયમ માટે સોસાયટીનાં રહીશોને હાલવાની તકલીફ પડે છે. જે બાબતે કાર્યવાહી કરવા સોસાયટીનાં રહીશોએ માંગ કરેલ છે. તેમ જાગૃત નાગરિક દિલીપભાઈ લકુમે જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૪૮ |
| ૨ | મગફળી | ૧૨૪૮ | ૧૩૯૨ |
| ૩ | તલ સફેદ | ૨૪૭૫ | ૨૯૭૫ |
| ૪ | ઘઉં | ૪૧૫ | ૪૫૫ |
| ૫ | ચણા | ૯૦૨ | ૯૫૮ |
| ૬ | ધાણા | ૮૯૦ | ૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૦૫૦ |
| ૩ | તલ કાળા | ૩૧૩૧ | ૩૧૩૧ |
| ૪ | કપાસ | ૧૧૨૫ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૫૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૩૯ |
| ૭ | જુવાર | ૫૫૦ | ૧૧૮૧ |
| ૮ | ચોળી | ૧૫૮૧ | ૧૫૮૧ |
| ૯ | ધાણા | ૭૦૨ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૯૫૦ |
| ૧૨ | જીરૂ | ૯૪૦૦ | ૯૪૦૦ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૭૫૦ | ૨૦૬૧ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૯૬૦ |

### પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી

# અમરેલી જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડ જામીન પરથી જેલમાં પરત ન ફરનાર કેદીને ઝડપી લીધો

**ધારીનાં વિસાવદર માર્ગ પરથી બાતમીનાં આધારે ઝડપી લીધો**

અમરેલી, તા. ૨૬

જૂનાગડ જીલ્લા જેલમાં કેદ હોય અને એડી. સેશન્સ કોર્ટના હુકમ અન્વયે કેદીને વચગાળાનાં જામીન રજા પર દિન–૦૩ માટે મુકત કરવા હુકમ થતાં મજકૂર કેદીને તા. ૨૩/૪/૨૩નાં રોજ મુકત કરવામાં આવેલ અને મજકૂરેદી તા. ૨૫/૪/૨૩નાં રોજ ફરાર થયેલ. જે કામે કેદી આજદિન સુધી ફરાર હતો. જે અન્વયે પોલીસ અધિક્ષક, અમરેલી દ્વારા પેરોલ ફરાર કેદીઓ તથા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસની કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે એ.એમ.પટેલ, પો.ઈન્સ. એલ.સી.બી.નાં માર્ગદર્શન આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી ટીમને મળેલ ચોક્કસ બાતમીનાં આધારે ફરાર થયેલ કાચા કામનાં કેદી એજાજ ઉર્ફે નદીમ બ્લોચ ધારી મુકામે વિસાવદર રોડ પાસેથી તા. ૨૫નાં રોજ ચોક્કસ બાતમી આધારે પકડી પાડી કેદમાં રાખવા સારૂ જૂનાગઢ જીલ્લા જેલને સોંપવા તજવીજ કરેલ.



### અવારનવાર ખાડા ખોદવાથી માર્ગની હાલત દયનીય

# અમરેલીનાં લાઠી માર્ગ પર આવેલ વૃંદાવનપાર્ક વિસ્તારમાં પાણીની પાઈપલાઈનને લઈ પરેશાની

**સ્થાનિક રહેવાસીઓ વતી જાગૃત નાગરિકે ચીફ ઓફિસરને વિસ્તૃત પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૨૬

લાઠી રોડ વિસ્તારમાં એસ.ટી. ડિવીઝનની સામેના વિસ્તારમાં અક્ષરવાડી મેઈન રોડ પર આવેલ વૃંદાવન પાર્ક નં–૩ સોસાયટીમાં બાપાસીતારામ ચોક આવેલ છે. આ બાપાસીતારામ ચોકની જમીનમાં ખોદાણ કામ કરી નગરપાલિકાની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર મોટી પાઈપલાઈન નાખી પાઈપલાઈનમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### વહીવટીતંત્ર આરંભે શૂરા બન્યું, દબાણ હટાવ બાદની પ્રક્રિયા ખોરંભે ચડી

# સા.કુંડલામાં મોટા ઉપાડે શરૂ થયેલ દબાણ હટાવ પ્રક્રિયા બાદ પુનઃ ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં આડેધડ પાર્કિંગથી પરેશાની

**નાવલી ચોકમાં ટી.આર.બી. જવાનો મોબાઈલમાંથી વ્યસ્ત બની ટ્રાફિક સમસ્યા દૂર કરે**



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરમાં પાલિકા તંત્ર દ્વારા ડીમોલેશન પ્રક્રિયા હાથ ધરીને દબાણો ખુલ્લા કરાવાયા તે સરાહનીય બાબત છે પણ જે દબાણો દૂર કરીને જગ્યા ખુલી કરી પણ ત્યાં વાહનચાલકોએ પાર્કિંગ સ્થળ બનાવીને આખો વિસ્તાર જ બંધ કરી દીધો હોય તેવું નિરૂપણ હાલ થયું છે. સાવરકુંડલા શહેરના લીમડી ચોક વિસ્તારમાં દબાણો દૂર કરવાના ઈરાદે તંત્રની કામગીરી થઈ પણ બકરી કાઢતા ઊંટ પેઠયું હોય તેવો ઘાટ ઘડાયો છે ને આખી લીમડી ચોકમાં ફોરવ્હીલ વાહનો દ્વારા લીમડી ચોકથી થઈને દર્શન કરવા જતા દર્શનાર્થીઓને હવેલી શેરી જવામાં મુશ્કેલી થઈ છે. તો પોલીસ કવાટર, સોની બજાર જવાનો માર્ગ વાહનોને રસ્તામાં પાર્કિંગ કરીને આડા મૂકીને જતા રહેતા લીમડી ચોકના સ્થાનિકોને પણ ભારે અગવડતાઓ ઊભી થઈ છે. જયારે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા ટી.આર.બી.ના જવાનોને ડયુટી ફાળવવામાં આવી છે પણ તે

અનુસંધાન પાના ૬ ઉપર

### એક યુવકનું ટ્રેન નીચે અને બીજાનું કાર સાથે અથડાવવાથી મોત

# સાવરકુંડલામાં ગણતરીનાં કલાકોમાં અપમૃત્યુની ર ઘટના બનવા પામી

**બન્ને બનાવને લઈને પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી**





અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા પંથકમાં ગણતરીની કલાકોમાં અપમૃત્યુની બે ઘટના બનવા પામી છે. જેમાં એક રત્ન કલાકારે માલગાડી નીચે પડતું મુકીને અને અન્ય એક વ્યકિતનું માર્ગ અકસ્માતમાં મોત થયેલ છે.

પ્રથમ બનાવની વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલાનાં રત્ન કલાકાર પારસ ધીરૂભાઈએ અગમ્ય કારણોસર રેલ્વે ટ્રેક નં. એક ઉપર માલગાડી નીચે ઝંપલાવતા તેમનું મોત થયેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા–અમરેલી માર્ગ ઉપર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ઓળીયાનાં મગનભાઈ બચુભાઈ રાદડીયાનું મોત થતાં બંને બનાવ અંગે પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

### તસ્કરોને મોકળુ મેદાન હોય રાત ઉજાગરા બંધ કર્યા

# જાફરાબાદ : દુધાળામાં ધોળે દિ'એ બંધ મકાનમાં તસ્કરોનો પગપેસારો

**ગણતરીની મિનિટોમાં રૂપિયા ૪.૫૦ લાખનો મુદ્દામાલ ઉઠાવ્યો**

અમરેલી, તા. ૨૬

જાફરાબાદ તાલુકાના દુધાળા ગામે ધોળા દિવસે એક બંધ મકાનના તાળા તોડી તસ્કરો રોકડ રકમ રૂપિયા ત્રણ લાખ તેમજ સોનાના દાગીના સહિત કુલ રૂપિયા ૪.૫૦ લાખના માલ મત્તાની ફકત દોઢ કલાકમાં ચોરી કરી નાસી છૂટેલ હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજયમાં ૧૭.૩૫ લાખ પુરૂષો અને ૧.૮૫ લાખ મહિલા ડ્રગ્ઝની બંધાણી

# ગાંધીનાં ગુજરાતમાં દેશી–વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતું હોય હવે, ડ્રગ્ઝનાં દુષણે ઉપાડો લીધો

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા હિરેન બેન્કરની આકરી પ્રતિક્રિયા**

અમદાવાદ, તા. ૨૬

૨૬ જુન એટલે વિશ્વ ડ્રગ્સ દિવસ. ડ્રગ્ઝ–નશાકારક પદાર્થોથી દુર રહેવા લોકોને જાગૃત કરવા માટે આ દિવસની ઉજવણી થાય છે. ત્યારે ગુજરાતમાં કરોડો રૂપિયા ડ્રગ્ઝના ફુલેલો ફાલેલો કારોબારને કારણે રાજયના યુવાનોના ભવિષ્ય અંગે ચિંતા વ્યકત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, રાજયમાં હજારો કિલો ડ્રગ્ઝ પકડાય અને ભાજપ સરકાર વાહવાહી લૂંટે પરંતુ પાછલા બારણે

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા નજીક આવેલ

# નાની ધારી ગામ પાસે અગાઉના મનદુઃખનાં કારણે યુવકને તલવાર મારી હાથ કાપી નાખ્યો

**નાની ધારી ગામનાં ઈસમ સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૬

ખાંભા તાલુકાનાં નાના વિસાવદર ગામે રહેતા અને ખેતી તથા હીરા ઘસવાનું કામ કરતા અમિતભાઈ જયસુખભાઈ ઠુંમર નામનાં ૩૦ વર્ષિય યુવકનાં દાદા નનુભાઈએ અગાઉ પ્રતાપભાઈ મધુભાઈ માંજરીયાનાં સગા કાકા અનકભાઈ તથા તેમનાં દીકરાઓ વિરૂધ્ધ ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ. તે વાતનું મનદુઃખ રાખી આરોપી પ્રતાપભાઈ માંજરીયા તથા એક અજાણ્ય ઈસમે આજે સવારે સાડા નવેક વાગ્યાનાં સમયે યુવકની વાડીનાં શેઢે અગાઉથી સંતાય જઈ યુવકનાં પિતા તથા મોટાબાપુને ઢીકાપાટુનો માર મારી ઈજા કરતાં આ યુવક તેમને બચાવવા વચ્ચે પડતા બન્ને આરોપીએ યુવક ઉપર તલવાર વડે ઉપરા ઉપરી તલવારનાં ઘા મારી જાનથી મારી નાખવાનાં ઈરાદે હુમલો કરી યુવકનો ડાબો હાથ કાંડાના ભાગેથી કાપી નોખો કરી નાખેલ તે અંગે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
તકો તો સૌ કોઈ માટે સરખી જ હોય છે
તફાવત ફક્ત એટલો જ છે કે ........
સફળ વ્યક્તિઓ પરિણામ આપે છે.
જ્યારે નિષ્ફળ વ્યક્તિઓ
કારણ જ આપે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG BEST SHOP
NEW
LG REFRIGERATORS
STUNNINGLY STYLISH
— FLORAL & ART SERIES —
LG DIRECT COOL REFRIGERATORS
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
વાહન અકસ્માત યોજના
અંતર્ગત કોઈ પણ જાતના ફ્રેકચર માટે એકસીડન્ટના પ્રથમ ૪૮ કલાક દરમિયાન ઓપરેશન સહિતની સારવાર
તદ્દન ફ્રી મળશે.
24/7 Emergency Services
હવે...અમરેલીમાં ઑર્થોપેડીક નિષ્ણાંત ડૉકટરો દ્વારા સચોટ નિદાન
ઇમરજન્સી માટે સંપર્ક કરો 99789 66629, 99045 93355
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)